RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 030 Dt. 21-08-2025 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# રશિયાના ભારતપ્રેમથી અમેરિકાને પડ્યા પર પાટું

## રશિયાએ ભારતને તેલ ખરીદી પર આપી ૫%ની છૂટ : રશિયા પહેલાથી જ ભારતને પ્રતિ બેરલ લગભગ ૩ નું ડિસ્કાઉન્ટ આપી રહ્યું છે



નવીદિલ્હી, તા. ૨૦

ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારત પર ૫૦% ટેરિફ લાદ્યો હતો. તેમણે વિચાર્યું હતું કે ભારત કદાચ તેનાથી છુટકારો મેળવશે અને તેલ ખરીદવાનું બંધ કરશે. પરંતુ ભારતે ન તો તેલ ખરીદવાનું બંધ કર્યું કે ન તો રશિયા સાથેની મિત્રતા તોડી. તેનાથી વિપરીત, રશિયાએ મોટો જુગાર રમ્યો. રશિયન સરકારે જાહેરાત કરી છે કે જો ટેરિફ ચાલુ રહેશે, તો રશિયા ભારતને તેલ ખરીદી પર મોટી છૂટ આપશે. રશિયા પહેલાથી જ ભારતને પ્રતિ બેરલ લગભગ ૩ નું ડિસ્કાઉન્ટ આપી રહ્યું છે.

ભારતમાં રશિયાના ડેપ્યુટી ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ, એવજેની ગ્રીવાએ કહ્યું, ભારતીય કંપનીઓને રશિયન ક્રૂડ ઓઈલ પર લગભગ ૫ ટકા ડિસ્કાઉન્ટ મળતું રહેશે. તેમણે કહ્યું, આ એક પ્રકારનું વાણિજ્યિક રહસ્ય છે, જે વ્યાપારિક સંવાદ પર આધાર રાખે છે, પરંતુ સરેરાશ તે લગભગ ૫% છે, ક્યારેક તે ઉપર અને નીચે જાય છે. રશિયાના ડેપ્યુટી ચીફ ઓફ મિશન રોમન બાબુશ્કિન પણ ગ્રીવા સાથે હાજર હતા. તેમણે કહ્યું, આ ચોક્કસપણે પડકારજનક પરિસ્થિતિઓ છે, પરંતુ અમને ભારતમાં વિશ્વાસ છે. રશિયા-ભારત ઊર્જા સહયોગ ચાલુ રહેશે, ભલે બહારથી ગમે તેટલું દબાણ હોય.

વ્હાઈટ હાઉસના વેપાર સલાહકાર પીટર નાવારોએ એક દિવસ પહેલા કહ્યું હતું કે ભારત રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદી રહ્યું છે અને તેને ઉચ્ચ મૂલ્યના ઉત્પાદનોમાં રૂપાંતરિત કરી રહ્યું છે અને તેને વિશ્વને વેચી રહ્યું છે અને આ રીતે રશિયાને ડોલર મળી રહ્યા છે. ભારત એક વૈશ્વિક ક્લિયરિંગ હાઉસની જેમ કામ કરી રહ્યું છે, જેના દ્વારા રશિયા તેના યુદ્ધ મશીનને ભંડોળ પૂરું પાડી શકે છે. આ આધારે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦% ટેરિફ લાદ્યો છે. આ ટેરિફ ભારતના કાપડ, દરિયાઈ અને ચામડાની નિકાસને અસર કરે તેવી શક્યતા છે. ભારતે તેને અન્યાયી, ગેરવાજબી અને ગેરવાજબી ગણાવ્યું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટપણે કહ્યું છે કે ભારત આર્થિક દબાણ સામે ઝૂકશે નહીં. તેમણે કહ્યું કે ભારત તેની ઉર્જા સુરક્ષા અને રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેશે. સરકારે એ પણ સ્પષ્ટ કર્યું છે કે રશિયા સાથેની તેની મિત્રતા અતૂટ છે. તેથી જ ટ્રમ્પ સાથે વાત કર્યા પછી પુતિન સીધા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરે છે. તેઓ સંપૂર્ણ વિગતો આપતા જોવા મળ્યા હતા. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું હતું કે ભારત પર ટેરિફ ખરેખર રશિયા પર ગૌણ દબાણ બનાવવા માટે લાદવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિએ આ યુદ્ધને સમાપ્ત કરવા માટે ભારે દબાણ કર્યું છે. ભારત પર લાદવામાં આવેલ ટેરિફ આ વ્યૂહરચનાનો એક ભાગ છે. તેમણે સ્પષ્ટ કરી દીધું છે કે યુદ્ધને લંબાવવાનો કોઈ વિકલ્પ સ્વીકાર્ય નથી.

અમેરિકા સતત ચેતવણી આપી રહ્યું છે કે જો રશિયા યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા માટે પગલાં નહીં ભરે, તો તેના તેલ ખરીદનારા દેશો, ખાસ કરીને ભારત અને ચીન પર ગૌણ પ્રતિબંધો લાદવામાં આવી શકે છે. ભારત અને ચીન હાલમાં રશિયા પાસેથી ક્રૂડ ઓઈલના સૌથી મોટા ખરીદદાર છે. ચીન ભારત કરતાં રશિયા પાસેથી વધુ ક્રૂડ ઓઈલ ખરીદી રહ્યું છે.

### યુનુસ સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલા સવાલ પર વિદેશ સચિવે કહ્યું, સરકાર ભારતીય ભૂમિ પરથી અન્ય દેશો વિરુદ્ધ રાજકીય પ્રવૃત્તિઓને મંજૂરી આપતી નથી

# બાંગ્લાદેશ વિરોધી પ્રવૃત્તિઓ નથી કરતું ભારત : જયસ્વાલ



નવીદિલ્હી, તા. ૨૦

બુધવારે વિદેશ મંત્રાલયે મુહમ્મદ યુનુસના નેતૃત્વ હેઠળની બાંગ્લાદેશની વચગાળાની સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓને નકારી કાઢી હતી. મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે ભારત તેની ધરતી પરથી અન્ય દેશોને નિશાન બનાવતી રાજકીય પ્રવૃત્તિઓને મંજૂરી આપતું નથી અને ઢાકાની ટિપ્પણીને ''અયોગ્ય'' ગણાવી હતી. એક સત્તાવાર નિવેદનમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ''ભારત સરકારને ભારતમાં આવામી લીગના કથિત સભ્યો દ્વારા કોઈપણ બાંગ્લાદેશ વિરોધી પ્રવૃત્તિઓ અથવા ભારતીય કાયદા વિરુદ્ધ કોઈપણ કાર્યવાહીની જાણ નથી. સરકાર ભારતીય ભૂમિ પરથી અન્ય દેશો વિરુદ્ધ રાજકીય પ્રવૃત્તિઓને મંજૂરી આપતી નથી, તેમણે ઉમેર્યું.

યુનુસ સરકારના નિવેદનને ''અયોગ્ય'' ગણાવતા, જયસ્વાલે બાંગ્લાદેશની આગામી ચૂંટણીઓ પર વધુમાં કહ્યું: ''ભારત તેની આશાને પુનરાવર્તિત કરે છે કે લોકોની ઈચ્છા અને આદેશ જાણવા માટે બાંગ્લાદેશમાં વહેલી તકે મુક્ત, ન્યાયી અને સમાવેશી ચૂંટણીઓ યોજાશે.'' બાંગ્લાદેશ ન્યૂઝ પોર્ટલ ઈજ્જ અનુસાર, ઢાકાએ અગાઉ ભારતને પ્રતિબંધિત બાંગ્લાદેશ આવામી લીગના રાજકીય કાર્યાલયો બંધ કરવા તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી હતી, જે અહેવાલ મુજબ નવી દિલ્હી અને કોલકાતામાં કાર્યરત છે.

બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''બાંગ્લાદેશી નાગરિકો, ખાસ કરીને કોઈપણ પ્રતિબંધિત રાજકીય પક્ષના ફરાર નેતાઓ/કાર્યકર્તાઓ દ્વારા, જે કાયદેસર અથવા ગેરકાયદેસર રીતે ભારતીય ભૂમિ પર રહે છે, તે બાંગ્લાદેશના હિત વિરુદ્ધ કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ, જેમાં કચેરીઓની સ્થાપનાનો સમાવેશ થાય છે, તે બાંગ્લાદેશના હિતોની વિરુદ્ધ છે.'' આ બાંગ્લાદેશના લોકો અને રાજ્યનું સ્પષ્ટ અપમાન છે.'' બાંગ્લાદેશના આર્મી ચીફ જનરલ વકાર-ઉઝ-ઝમાને કહ્યું હતું કે લશ્કર આવતા વર્ષે ફેબ્રુઆરીમાં યોજાનારી ''મુક્ત, ન્યાયી અને ન્યાયી'' સામાન્ય ચૂંટણીઓ સુનિશ્ચિત કરવામાં વચગાળાની સરકારને મદદ કરવા તૈયાર છે, તેના એક દિવસ બાદ આ પ્રતિક્રિયા આવી છે.

# લોકસભામાં રજૂ થયેલ ત્રણ બિલો મોકલાયા સંસદીય સમિતિ પાસે

## ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા રજૂ થયેલા બિલો પર વિરોધ પક્ષે કર્યો હંગામો : સંસદમાં પેપર ફાડી ઉડાડ્યા



નવીદિલ્હી, તા. ૨૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે ૧૩૦મો બંધારણીય સુધારો બિલ સહિત ત્રણ મહત્વપૂર્ણ બિલ રજૂ કર્યા. આ દરમિયાન સંસદમાં ભારે હોબાળો થયો. અમિત શાહે બિલ રજૂ કરતાની સાથે જ લોકસભામાં હંગામો મચી ગયો. આ બિલમાં ગંભીર ગુનાહિત આરોપોમાં સતત ૩૦ દિવસ જેલમાં રહેવા પર વડા પ્રધાન, મંત્રીઓ અને મુખ્યમંત્રીઓને તેમના પદ પરથી દૂર કરવાની જોગવાઈ છે. આ બિલ લોકસભામાં આવતાની સાથે જ વિપક્ષે વિરોધ શરૂ કરી દીધો, ત્યારબાદ અમિત શાહે ત્રણેય રજૂ કરાયેલા બિલોને JPC એટલે કે સંયુક્ત સંસદીય સમિતિને મોકલવાનો પ્રસ્તાવ મૂક્યો.

કોંગ્રેસ, AIMIM અને સમાજવાદી પાર્ટી સહિત વિપક્ષી પક્ષોએ આ બિલોનો વિરોધ કર્યો, તેમને ગેરબંધારણીય અને સંઘીય માળખાની વિરુદ્ધ ગણાવ્યા. AIMIMના અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે આ બિલો સત્તાના વિભાજનના સિદ્ધાંત અને સરકાર પસંદ કરવાના લોકોના અધિકારનું ઉલ્લંઘન કરે છે. તેમણે કહ્યું કે આનાથી ચૂંટાયેલા અમલદારશાહીને વિધાનસભાની ભૂમિકા ભજવવાની સત્તા મળશે. તેમણે કહ્યું કે આ પ્રતિનિધિ સંસદીય લોકશાહીને નબળી પાડે છે અને આ સુધારા મંત્રીઓ અને મુખ્યમંત્રીઓને કાર્યકારી એજન્સીઓની દયા પર છોડી દેશે.

કોંગ્રેસના મનીષ તિવારીએ પણ આ બિલોનો વિરોધ કરતા કહ્યું કે આ કાર્યકારી એજન્સીઓને વિધાનસભા પર વધુ પડતી સત્તા આપશે. તેમણે કહ્યું કે તે બંધારણની કલમ ૨૧ નું ઉલ્લંઘન છે કારણ કે આ બિલો સંસદીય લોકશાહીને વિકૃત કરે છે. તેમણે સરકારને આ ત્રણ બિલ પાછા ખેંચવાની અપીલ કરી. આરએસપીના એનકે પ્રેમચંદ્રને પ્રશ્ન ઉઠાવ્યો કે આ બિલો ઉતાવળમાં કેમ લાવવામાં આવ્યા અને આવા બંધારણ સુધારા બિલો લાવવાની ઉતાવળ શું હતી. તેમણે આરોપ લગાવ્યો કે વિપક્ષ શાસિત રાજ્યોને અસ્થિર કરવાનો આ એક દુર્ભાવનાપૂર્ણ ઈરાદો છે. કોંગ્રેસના કેસી વેણુગોપાલે આ બિલોને સંઘીય વ્યવસ્થા વિરોધી ગણાવ્યા અને કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય વિપક્ષ શાસિત રાજ્યોને નિશાન બનાવવાનો છે. સમાજવાદી પાર્ટીના ધર્મેન્દ્ર યાદવે પણ આ બિલો રજૂ કરવાનો વિરોધ કર્યો અને કહ્યું કે આ ગેરબંધારણીય અને મૂળભૂત અધિકારોની વિરુદ્ધ છે.

# હાઈડ્રોજનનો ઉત્પાદન ખર્ચ ઘટશે તો ભારત ઉર્જાની કરશે નિકાસ

## કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સ્વીકાર્યું હાલમાં હાઈડ્રોજનનો ખર્ચ પ્રતિ કિલોગ્રામ પાંચથી છ ડોલર જેટલો છે, જે પરંપરાગત ઇંધણ કરતાં ઘણો મોંઘો છે




નવીદિલ્હી, તા..૨૦

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ બુધવારે જણાવ્યું હતું કે જો દેશમાં હાઈડ્રોજન ઉત્પાદનનો ખર્ચ પ્રતિ કિલોગ્રામ એક ડોલર સુધી ઘટાડી શકાય, તો તે ઉર્જા આયાતકારથી વૈશ્વિક નિકાસકાર બની શકે છે. ધ એનર્જી એન્ડ રિસોર્સિસ ઈન્સ્ટિટ્યૂટ ખાતે આયોજિત ૨૪મા દરબારી સેઠ મેમોરિયલ લેક્ચરમાં, કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે હાલમાં હાઈડ્રોજનનો ખર્ચ પ્રતિ કિલોગ્રામ પાંચથી છ ડોલર જેટલો છે, જે પરંપરાગત ઈંધણ કરતાં ઘણો મોંઘો છે. ગડકરીએ કહ્યું કે જો આપણે તેને પ્રતિ કિલોગ્રામ એક ડોલર સુધી ઘટાડી શકીશું, તો ભારત વર્તમાન તેલ ઉત્પાદક દેશોની સમાન સ્થિતિમાં પહોંચી જશે. તેમણે કહ્યું કે ઊર્જાના ભવિષ્યને આકાર આપવામાં હાઈડ્રોજન નિર્ણાયક ભૂમિકા ભજવશે. મંત્રીએ કહ્યું કે સૌથી મોટો અવરોધ હાઈડ્રોજન 'ફિલિંગ સ્ટેશન' સ્થાપવામાં અને બળતણના પરિવહન માટે સિસ્ટમ વિકસાવવામાં છે. તેમણે કહ્યું કે આ ક્ષેત્રોમાં તાત્કાલિક અને વ્યાપક રીતે કામ કરવાની જરૂર છે. ઊર્જા માટે કચરાનો ઉપયોગ કરવાની શક્યતા અંગે, ગડકરીએ કહ્યું કે મ્યુનિસિપલ ઘન કચરો ખૂબ ફાયદાકારક સાબિત થઈ શકે છે. તેમણે કહ્યું કે જો આપણે કચરાને અલગ કરીએ, તેમાંથી કાર્બનિક પદાર્થ બહાર કાઢીએ અને તેને 'બાયોડાઈજેસ્ટર'માં મૂકીએ, તો તેમાંથી મિથેન ગેસ ઉત્પન્ન થાય છે. મિથેનને CNGમાં રૂપાંતરિત કરવાને બદલે, જો આપણે તેનો ઉપયોગ ગ્રીન હાઈડ્રોજન બનાવવા માટે કરીએ, તો દેશના મ્યુનિસિપલ કચરામાંથી ખૂબ જ સસ્તું હાઈડ્રોજન ઉત્પન્ન થઈ શકે છે. ગડકરીએ કહ્યું કે હાઈડ્રોજન અશ્મિભૂત ઈંધણનું સ્થાન લેશે. તેમણે કહ્યું કે તે ફક્ત પરિવહન માટે મહત્વપૂર્ણ રહેશે નહીં, પરંતુ તેનો ઉપયોગ દવા, રસાયણો અને સ્ટીલના ક્ષેત્રમાં પણ થશે. તે ટ્રેનો ચલાવશે, વિમાનો ઉડશે અને અશ્મિભૂત ઈંધણ પર નિર્ભરતા સમાપ્ત થશે. વૈશ્વિક વાહન બજારમાં દેશના ઉદય પર પ્રકાશ પાડતા મંત્રીએ કહ્યું કે દેશ તાજેતરમાં જાપાનને પાછળ છોડીને સાતમા સ્થાનેથી ત્રીજા સ્થાને પહોંચી ગયો છે.

## શ્રીજી હોટલ પાસે આડેધડ વાહનો પાર્ક થયા હોઇ વકિલે પોલીસ બોલાવતાં ખાર રાખી ધમકી અપાયાની ઘટનામાં વકિલ વિરૂધ્ધ વળતો ગુનો

# મારી દિકરી ભાગી એમાં તારો હાથ તને હું મારી નાંખીશ : ગરબા સંચાલક

### રજવાડી ગરબાવાળા હાર્દિકસિંહ રાઠોડે તાલુકા પોલીસમાં એડવોકેટ સામે એફઆઇઆર દાખલ કરાવી






રાજકોટ તા. ૨૦
કાલાવડ રોડ શ્રીજી હોટલ પાસે આડેધડ રોડ પર વાહનો પાર્ક કરવામાં આવ્યા હોઇ આ અંગે જગન્નાથ પ્લોટ શેરી નં. ૨/૪ના ખુણે અમરનાથ મહાદેવ મંદિરવાળા રોડ પર રહેતાં એડવોકેટ ધર્મેશભાઇ યશવંતભાઇ ચોક્સીએ પોલીસ બોલાવી વાહનો દુર કરાવતાં ખાર રાખી હાર્દિકસિંહ રાઠોડ સહિતનાએ તેમને ધમકી આપી હતી. આ ગુનામાં તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી. આ બનાવ સંદર્ભે હવે હાર્દિકસિંહે પણ એડવોકેટ વિરૂધ્ધ ધમકી દીધાની વળતી ફરિયાદ દાખલ કરાવી છે. હાર્દિકસિંહ શહેરમાં રજવાડી ગરબા નામે ગરબા ક્લાસીસનું સંચાલન કરે છે.

આ મામલે તાલુકા પોલીસે જીવરાજ પાર્ક અંબીકા ટાઉનશીપ વસંત વાટીકા પાસે આર્યશ્રી-૨, સી-૪૦૧ ખાતે રહેતાં અને ગરબા ક્લાસ ચલાવતાં હાર્દિકસિંહ દિલીપસિંહ રાઠોડ નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી એડવોકેટ ધર્મેશ ચોક્સી વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી છે. હાર્દિકસિંહ રાઠોડે ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને રજવાડી ગરબા ક્લાસીસ ચલાવુ છું. ૧૮મીએ રાતે સાડા બારેક વાગ્યે હું અને મારા મિત્રો ઋષીરાજસિંહ ઝાલા, વિજયભાઇ ધાંધલ, ધનંજય પવાર, જયદીપ ટીમાનીયા સહિતના બધા કાલાવડ રોડથી આગળ શ્રીજી હોટલ પાસે ચોકમાં પુલ નીચે ડિવાઇડર પાસે અમારી ગાડી પાર્ક કરી ચા પીવા ઉભા હતાં. આ વખતે એક ભાઇએ આવીને જણાવેલુ કે-મારુ નામ ધર્મેશ ચોક્સી છે અને હું એડવોકેટ છું, આ પૂલ નીચે ગાડી પડી છે એ કોની છે, એ ગાડી લઇ લ્યો મને નડે છે.

આથી મેં તેને કહેલુ કે અહિથી આખી બસ નીકળી જાય એટલી જગ્યા છે, તમારુ ટુવ્હીલર તો આરામથી નીકળી જશે, અમે ચા પીવા જ ઉભા છીએ અને હમણા જ નીકળી જઇશું. આ વાત કર્યા પછી અમે અમારા વાહન ત્યાંથી લઇ લીધા હતાં. આમ છતાં એ ભાઇએ પોલીસને ફોન કરી ગાડી બોલાવી હતી. ગાડી આવી ત્યારે બીજા બે વાહન ત્યાં પડ્યા હતાં તે પોલીસે સાઇડમાં લેવડાવ્યા હતાં. ધર્મેશભાઇની દિકરી સાથે મારા મિત્ર સાગરે એક વર્ષ પહેલા લવમેરેજ કર્યા હોઇ જેથી હું તેમને ઓળખુ છું. પોલીસ નીકળી ગયા પછી ધર્મેશ ચોક્સીએ કહેલુ કે તમારે કંઇ કામ હોય તો ગિરીરાજ હોસ્પિટલ પાસે પાનની દુકાન છે તયાં આવી જજો.આથી હું અને ઋષીરાજ ત્યાં શક્તિ હોટલ ખાતે ગયા હતાં ત્યારે ધર્મેશ ચોક્સી પણ ત્યાં હતાં.

ત્યાં તેણે મને કહેલુ કે-કેમ ગાડી લેવી પડી ને તમારા જેવા લુખ્ખાઓને કેવી રીતે સીધા કરવા એ મને આવડે છે, મારી દિકરી ભાગી ગઇ તેમાં તારો જ હાથ છે, તને તો હું મારી જ નાખવાનો છું તેમ કહી મને મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ ગાળો દીધી હતી. આથી હું અને મિત્ર ઋષીરાજસિંહ ત્યાંથી નીકળી ગયા હતાં. ત્યારબાદ મેં મારા મોટાભાઇ વિજયભાઇ ધાધલ અને તેમના બે મિત્રો જયદિપ ટીમાનીયા, ધનજય પવાર એમ ત્રણેયને ધર્મેશ ચોકસી પાસે તેને સમજાવવા અને સમાધાનની વાત કરવા મોકલ્યા હતાં. આ લોકોએ તેમને સમજાવેલ કે આ નાના છોકરાઓ છે, તમે સિનીયર સીટીઝન છો, જેથી વાત પુરી કરીએ, અમે બીજુ કંઇ કરવા નથી માંગતા.

પણ આ સાંભળી ધર્મેશ ચોકસીએ આ ત્રણેયની સાથે પણ ગાળાગાળી અને માથાકુટ કરી કહેલુ કે-મારો મોગ અત્યારે ઠેકાણે નથી, ખોટો હું તમને મારી લઇશ તેમ કહેતાં ત્યાં દુકાને હાજર લોકોએ તેમને છુટા પાડ્યા હતાં. આથી આ ત્રણેય પણ ત્યાંથી નીકળી ગયા હતાં. ત્યારબાદ હું શ્રીજી હોટલ પાસે હતો ત્યારે ધર્મેશ ચોક્સીએ ફરીથી પોલીસ બોલાવી હતી. જેથી અમે પોલીસ સ્ટેશને આવ્યા હતાં અને અરજી કર્યા બાદ ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં હાર્દિકસિંહે કહેતાં તાલુકા પોલીસ ઇન્સ્પેક્ટર ડી. એમ. હરીપરાના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. ભોજભાઇ મોભ સહિતે વધુ તપાસ હાથ ધરી હતી.



# ભારતના ઓટોમોટિવ હબ તરીકે ઊભર્યું ગુજરાત

### વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ માટે તૈયાર

### ૨૦૨૨-૨૩માં ઓટોમોબાઇલ ક્ષેત્રમાં ૨૯,૭૦૦ કરોડનું રોકાણ

રાજકોટ, તા. ૨૦
ભારતમાં ઓટોમોટિવ ક્ષેત્રે ક્રાંતિ આવી છે તેમાં ગુજરાતનો મોટો ફાળો છે. ગુજરાત તેના વ્યૂહાત્મક સ્થાન, મજબૂત માળખાકીય સુવિધાઓ અને રોકાણને અનુકૂળ નીતિઓને પગલે અન્ય રાજ્યોની સરખામણીમાં ઓટો કંપનીઓની પહેલી પસંદ બન્યું છે. ઉત્તર ગુજરાતની વાત કરીએ તો સુઝુકી મોટર્સ ગુજરાતના કારણે આ ક્ષેત્ર ભારતના અગ્રણી ઓટોમોટિવ ઉત્પાદન કેન્દ્રો પૈકીનું એક બન્યું છે. સુઝુકી મોટર્સ ગુજરાતે ૭.૫ લાખ કાર યુનિટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા સાથે ગુજરાતને વૈશ્વિક ઓટો હબ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ સફળતા વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં પણ પ્રદર્શિત થશે. નોંધનીય છે કે, આગામી ૯-૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ મહેસાણામાં ઉત્તર ગુજરાત માટેની વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) યોજાશે.

વર્ષ ૨૦૧૨થી ૨૦૧૫ વચ્ચે ગુજરાતમાં ઓટોમોબાઇલ ક્ષેત્રએ વૈશ્વિક રોકાણકારોને આકર્ષ્યા હતા. ૨૦૧૪માં સુઝુકીએ રાજ્યમાં એક મેગા મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપિત કરવા માટે ખજ્ઞઅ પર હસ્તાક્ષર કર્યા અને ગુજરાતનું ઓટો ક્ષેત્ર વેગવંતુ બન્યું. આ કંપનીએ વર્ષોથી ગુજરાતમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે, જેનાથી રોજગારીની પુષ્કળ તકો ઊભી થઈ છે. આજે સુઝુકી મોટરનો ગુજરાત પ્લાન્ટ ભારતમાં ઓટોમોબાઈલ ઉત્પાદન સુવિધાઓમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. આ પ્લાન્ટે મહેસાણાની આસપાસ ઓટો કમ્પોનન્ટ ઉદ્યોગમાં મોટા પાયે રોકાણો આકર્ષિત કર્યા છે.

એટલું જ નહીં, સુઝુકી મોટર્સ ગુજરાતે ભવિષ્યમાં ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન વધારવા માટે ૩૨ અબજ રૂપિયાનું રોકાણ કરીને ચોથી પ્રોડક્શન લાઇનની સ્થાપનાની પણ જાહેરાત કરી છે. મજબૂત પોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે વૈશ્વિક ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે ગુજરાત વ્યૂહાત્મક એક્સપોર્ટ હબ બન્યું છે. ૨૦૨૪માં ગુજરાતે દક્ષિણ આફ્રિકા, સાઉદી અરેબિયા, જાપાન, ઞઅઊ અને ચિલી સહિતના દેશોમાં લગભગ ₹૩,૪૫૯ કરોડના ઓટોમોબાઇલની નિકાસ કરી હતી.

આ ઉપરાંત, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતમાં ઓટોમોબાઇલ ક્ષેત્રમાં ₹૨૯,૭૦૦ કરોડનું માતબર રોકાણ નોંધાયું હતું, જે છેલ્લા પાંચ વર્ષમાં ૧૬.૪%ની મજબૂત CAGR દર્શાવે છે. એટલે કે, રોકાણ વાર્ષિક ૧૬.૪%ના દરે વધી રહ્યું છે. સુઝુકી મોટર કોર્પોરેશને તાજેતરમાં ઇલેક્ટ્રિક વાહનો માટે બેટરી પ્લાન્ટ (₹૭,૩૦૦ કરોડ) અને ઊટ ઉત્પાદન સુવિધા (₹૩,૧૦૦ કરોડ)ની જાહેરાત કરી છે, જે રાજ્યમાં ઇલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે.

ઉલ્લેખનીય છે કે, ઉત્તર ગુજરાતનું માંડલ બેચરાજી SIR (સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન) એક મુખ્ય ઓટો-ઇન્ડસ્ટ્રિયલ હબ તરીકે ઊભરી આવ્યું છે. ઓટોમોબાઇલ ક્ષેત્રે થયેલી આ પ્રગતિ દર્શાવે છે કે ગુજરાત વૈશ્વિક ઓટોમોટિવ પાવરહાઉસ તરીકે ઊભરી આવ્યું છે અને વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં રોકાણકારો માટે તે ધ્યાનાકર્ષક બાબત હશે.



# વાર્ષિક એક હજાર મેટ્રિક ટનથી વધુ પામ ઓઇલના ઉત્પાદન સાથે ગુજરાત અગ્રેસર

### ગુજરાતના ૧૫૦ ખેડૂતોએ ઓઈલ પામનું વાવેતર કરીને સમૃદ્ધિ સુનિશ્ચિત કરી

રાજકોટ, તા. ૨૦
ભારતમાં ખાદ્ય તેલની માંગ દિન-પ્રતિદિન સતત વધી રહી છે. આ માંગને પહોંચી વળવા માટે ભારતે અન્ય દેશો પાસેથી મોટા પ્રમાણમાં ખાદ્ય તેલની આયાત કરવી પડે છે, જેનાથી વિદેશી હૂંડિયામણનો મોટો ખર્ચ થાય છે. ખાદ્ય તેલનું સ્થાનિક ઉત્પાદન વધારીને આ પડકારનો સામનો કરવા અને ખેડૂતોની આવકમાં વૃદ્ધિ કરવાના શુભ આશય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૧માં રાષ્ટ્રવ્યાપી ''નેશનલ મિશન ઓન એડિબલ ઓઈલ-ઓઈલ પામ'' (NMEO-OP) અમલમાં મૂક્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાત આ મિશનમાં એક અગ્રણી રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, સોનેરી પામ તરીકે ઓળખાતું ઓઈલ પામ, દેશમાં ઉત્પાદિત થતા અન્ય તેલીબીયા પાકોની સરખામણીએ પ્રતિ હેક્ટર સૌથી વધુ તેલનું ઉત્પાદન આપે છે. તેથી જ, ઓઈલ પામની ખેતીને પ્રોત્સાહન આપવા માટે ગખઊઘ-ઘઙ હેઠળ ગુજરાતના ૧૮ જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાતના ખેડૂતોએ છેલ્લા ૧૦ વર્ષમાં અંદાજીત ૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં ઓઈલ પામનું વાવેતર કરીને સમૃદ્ધિ લણી છે. જેના પરિણામે ગુજરાત વાર્ષિક ૧,૦૦૦ મેટ્રિક ટનથી વધુ પામ ઓઇલના ઉત્પાદન સાથે દેશમાં સાતમા ક્રમે પહોંચ્યું છે.

રાજ્યમાં પ્રતિવર્ષ ઓઈલ પામનું વાવેતર સતત વધી રહ્યું છે. ચાલુ વર્ષે જ લગભગ ૨૩૫ હેક્ટર વિસ્તારમાં ઓઈલ પામનું વાવેતર થયું છે અને આ વર્ષના અંત સુધીમાં કુલ ૧,૦૦૦ હેક્ટર વિસ્તારમાં નવું વાવેતર થવાનો અંદાજ છે. ઓઈલ પામની ખેતીને પ્રોત્સાહન આપવા ગુજરાતમાં ગખઊઘ-ઘઙના વિવિધ ઘટકો હેઠળ વર્ષ ૨૦૨૧થી અત્યાર સુધીમાં રાજ્યના ખેડૂતોને કુલ રૂ. ૧૨૨ લાખથી વધુની સહાય આપવામાં આવી છે. જેમાં પ્લાન્ટિંગ મટેરિયલ (રોપા) માટે રૂ. ૧૮.૫ લાખથી વધુ, ચાર વર્ષના મેઈન્ટેનન્સ માટે રૂ. ૨૩.૭ લાખથી વધુ, આંતરપાક માટે રૂ. ૧૭.૮ લાખથી વધુ, બોરવેલ અથવા પંપ સેટ માટે રૂ. ૧૧.૨ લાખથી વધુ તેમજ લણણીના સાધનો અને મિની ટ્રેક્ટરની ખરીદી માટે રૂ. ૫૧ લાખથી વધુની સહાય આપવામાં આવી છે.

પાકનું ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને માન્યતા પ્રાપ્ત કંપનીઓના ઉચ્ચ ગુણવત્તાવાળા ટેનેરા જાતના પામ ઓઈલના રોપા પૂરા પાડવામાં આવે છે. બાગાયત પ્રભાગ અને ખાનગી કંપનીઓના સહયોગથી ખેડૂતોને ઓઈલ પામની વૈજ્ઞાનિક ખેત પદ્ધતિઓ, રોગ-જીવાત નિયંત્રણ અને લણણી અંગે તાલીમ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. વધુમાં, મેગા ઓઈલ પામ પ્લાન્ટેશન ડ્રાઈવનું આયોજન કરીને ખેડૂતોને મોટા પાયે ઓઈલ પામની ખેતી કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઓઇલ પામના FFB (ફ્રેશ ફ્રુટ બન્ચીસ)ની ખરીદી ઓઇલ પામ સાથે સંકળાયેલી કંપની દ્વારા બાય-બેક કરવામાં આવે છે અને તેના પોષણક્ષમ ભાવ આંતરરાષ્ટ્રીય બજાર ભાવ મુજબ ચૂકવવામાં આવે છે.

### ઓઈલ પામના મહત્વપૂર્ણ ઉપયોગ

ઓઈલ પામના ફળમાંથી કાઢવામાં આવતું પામ ઓઈલ વિશ્વમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતું ખાદ્ય તેલ છે. પામ ઓઈલની શેલ્ફ લાઈફ વધુ અને ભાવ ઓછો હોવાથી પ્રોસેસ્ડ ફૂડમાં તેમજ દેશના અનેક ઘરોમાં ખાદ્ય તેલ તરીકે તેનો ઉપયોગ વધુ થાય છે. આ ઉપરાંત, પામ ઓઈલ અને તેના ડેરિવેટિવ્સનો ઉપયોગ બાયોફ્યુઅલ ઉદ્યોગમાં, દવાઓ બનાવવામાં, તેમજ ઓલિઓકેમિકલ્સ, સાબુ અને શેમ્પૂ સહિતના વિવિધ સૌંદર્ય પ્રસાધનોના ઉત્પાદનમાં પણ મોટા પાયે થાય છે. ઓઈલ પામના વૃક્ષો એકવાર વાવ્યા પછી લગભગ ૩૦ વર્ષ સુધી ફળ આપે છે, જેથી ખેડૂતોને લાંબા ગાળા સુધી નિયમિત આવક મળતી રહે છે. પરિણામે, પામ ઓઈલની ખેતી કરીને ગુજરાતના કેટલાક પ્રગતિશીલ ખેડૂતોની આવકમાં વધારો થયો છે અને તેઓ આર્થિક રીતે વધુ સક્ષમ બન્યા છે. ગુજરાતના ખેડૂતો આજે ઓઈલ પામની ખેતી કરીને દેશને ખાદ્ય તેલના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાના સ્વપનને સાકાર કરી રહ્યા છે. સરકારની આ પહેલ ખેડૂતોના ભવિષ્યને વધુ ઉજ્જવળ બનાવશે.

# અગ્નિ-૫ મિસાઈલનું સફળ પરીક્ષણ

### મિસાઈલ પરમાણુ બોમ્બ વહન કરવામાં સક્ષમ છે અને તેની રેન્જ ૫૦૦૦ કિલોમીટર

નવીદિલ્હી, તા. ૨૦
દુનિયાભરમાં ચાલી રહેલા ઉથલપાથલ વચ્ચે, ભારતે એક મોટું પગલું ભર્યું છે. ભારતે ૨૦ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ અગ્નિ ૫ મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું છે. આ પરીક્ષણ ઓડિશાના ચાંદીપુર ખાતેના ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ સેન્ટરથી સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે. અગ્નિ ૫ મિસાઈલના પરીક્ષણમાં તમામ ઓપરેશનલ અને ટેકનિકલ પરિમાણોની પુષ્ટિ કરવામાં આવી છે. આ પરીક્ષણ ભારતના સ્ટ્રેટેજિક ફોર્સ કમાન્ડના નેજા હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું છે. અગ્નિ-૫ ભારતની સૌથી શક્તિશાળી મધ્યમ-અંતરની બેલિસ્ટિક મિસાઇલ છે. આ મિસાઇલ પરમાણુ બોમ્બ વહન કરવામાં સક્ષમ છે અને તેની રેન્જ લગભગ ૫૦૦૦ કિલોમીટર છે. પાકિસ્તાન અને ચીન સહિત લગભગ અડધી દુનિયા અગ્નિ-૫ ની રેન્જ હેઠળ આવે છે. સંરક્ષણ મંત્રાલયે માહિતી આપી છે કે અગ્નિ-૫ મિસાઇલ વર્તમાન પરીક્ષણમાં તમામ ઓપરેશનલ અને ટેકનિકલ પરિમાણોને પૂર્ણ કરી ચૂકી છે.

આ મિસાઇલ આધુનિક નેવિગેશન, માર્ગદર્શન, વોરહેડ અને એન્જિન ટેકનોલોજી સાથે બનાવવામાં આવી છે. તે મિસાઇલની પ્રહાર ક્ષમતા અને ચોકસાઈમાં સુધારો કરે છે. તમને જણાવી દઈએ કે અગ્નિ-૫ માં MIRV ટેકનોલોજી પણ છે. આ અંતર્ગત, એક જ મિસાઇલ અનેક પરમાણુ શસ્ત્રો લઈ જઈ શકે છે અને તેની મદદથી હુમલો કરી શકે છે, જે વિવિધ લક્ષ્યોને નિશાન બનાવી શકે છે. અગ્નિ-૫ મિસાઇલનું નિર્માણ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા કરવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે અગ્નિ-૫ મિસાઇલનું પરીક્ષણ અગાઉ પણ કરવામાં આવ્યું છે. આ મિસાઇલનું પહેલું પરીક્ષણ એપ્રિલ ૨૦૧૨ માં કરવામાં આવ્યું હતું.



# એશિયા કપમાં વિરાટ સહિતના ત્રણ દિગ્ગજ નહીં રમે

### કોહલીની સાથે મોહમ્મદ રિઝવાન અને રોહિત શર્માનો પણ સમાવેશ કે જેઓએ ટી૨૦ માં ફટકાર્યા છે મબલક રન




નવીદિલ્હી, તા. ૨૦
અત્યાર સુધીમાં, ભારત અને પાકિસ્તાને એશિયા કપ ૨૦૨૫ માટે પોતાની ટીમોની જાહેરાત કરી છે, જેમાં આ ટુર્નામેન્ટ ૯ સપ્ટેમ્બરથી શરૂ થશે. એશિયા કપ પહેલી વાર ૧૯૮૪માં રમાયો હતો, જેમાં તેની મેચો શારજાહના મેદાન પર રમાઈ હતી. આ વખતે એશિયા કપની ૧૭મી આવૃત્તિ હશે. જ્યારે એશિયા કપ પહેલી વાર ઘઉઈ ફોર્મેટમાં રમાયો હતો, ત્યારે ૨૦૧૬માં તેનું આયોજન ઝ૨૦ ફોર્મેટમાં કરવામાં આવ્યું હતું. હવે ત્રીજી વખત એશિયા કપ ઝ૨૦ ફોર્મેટમાં રમાશે, જેમાં અત્યાર સુધી આ ફોર્મેટમાં ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવનારા ટોચના ૩ ખેલાડીઓ રમતા જોવા મળશે નહીં.

વિરાટ કોહલીનું નામ આ યાદીમાં નંબર વન પર છે, તેની પાછળનું સૌથી મોટું કારણ એ છે કે તે અત્યાર સુધી એશિયા કપ ઝ૨૦ ફોર્મેટના બંને વર્ઝનમાં રમ્યો છે. વિરાટ કોહલીએ બંને ઈવેન્ટમાં બેટથી શાનદાર પ્રદર્શન કર્યું છે. કોહલીએ એશિયા કપ ઝ૨૦ ફોર્મેટમાં કુલ ૧૦ મેચ રમી છે અને ૯ ઈનિંગ્સમાં બેટિંગ કરી છે, જેમાં તે ૮૫.૮૦ ની સરેરાશથી ૪૨૯ રન બનાવવામાં સફળ રહ્યો છે.

પાકિસ્તાને આ વખતે એશિયા કપ માટે જાહેર કરેલી ટીમમાં મોહમ્મદ રિઝવાનનો સમાવેશ કર્યો નથી. એક સમયે, રિઝવાન ઝ૨૦ ફોર્મેટમાં પાકિસ્તાની ટીમનો સૌથી મહત્વપૂર્ણ ખેલાડી હતો, પરંતુ ખરાબ ફોર્મને કારણે તેણે પોતાનું સ્થાન ગુમાવ્યું. મોહમ્મદ રિઝવાન હાલમાં ઝ૨૦ એશિયા કપમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં બીજા ક્રમે છે, જેમાં તેણે ૬ મેચ રમી છે અને છ ઈનિંગ્સમાં બેટિંગ કરી છે અને ૫૬.૨૦ ની સરેરાશથી ૨૮૧ રન બનાવ્યા છે.

ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડી અને વિશ્વ ક્રિકેટમાં હિટમેન તરીકે જાણીતા રોહિત શર્મા, ઝ૨૦ એશિયા કપમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં ત્રીજા ક્રમે છે. રોહિતે ૯ મેચ રમી છે અને ૯ ઈનિંગ્સમાં બેટિંગ કરી છે અને ૩૦.૧૧ ની સરેરાશથી ૨૭૧ રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન રોહિતે ૨ અડધી સદી ફટકારી છે, જ્યારે તેનો સ્ટ્રાઇક રેટ ૧૪૧.૧૪ રહ્યો છે.

### પોલીસના નામે છેતરપીંડી કરનારા ગઠીયાઓ આવ્યા મેદાનેઃ લોકો માટે ચેતવણી સમાન ઘટના

# થેલો ચેક કરવાના બહાને ગોરઅદાના દાગીના ઉતરાવી લીધા

## આગળ લૂંટારા છે પોલીસના નામે લોકોને છેતરે છે, તમે છાપા નથી વાંચતા કે શું? કહી દાગીના થેલામાં મુકાવવાના નામે બઠ્ઠાવી લીધા

રાજકોટ તા. ૨૦

આગળ પોલીસનું ચેકીંગ છે, શહેરમાં ગઠીયાઓ લૂંટ કરી લે છે...તમે છાપા વાંચતા નથી લાગતાં, અમે પોલીસ છીએ તમારા ઘરેણા ઉતારીને સલામત રીતે મુકી દો તેમ કહી બ્રાહ્મણને પોલીસના નામે અટકાવી છેતરીને સોનાના ઘરેણા ઉતારી જવાની ઘટના બની હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ વડોદરામાં બન્યો છે. જેમાં યજમાનના ઘરેથી પૂજા-પાઠ કરાવીને એક્ટિવા પર ઘરે જઈ રહેલા બ્રાહ્મણને બાઈક પર આવેલા બે ગઠિયાઓએ રોકીને 'મૈં પુલીસવાલા હૂં ઔર તુમ લોગ ન્યૂઝપેપર પઢતે નહીં હો? આજકલ કૈસી કૈસી ઘટના હોતી હૈ, ઔર આપ લોગોંને સોના પહન રખા હૈ? તેમ કહીને સોનાની વીંટી બ્રાહ્મણની બેગમાં મૂકાવી હતી. ગઠિયાઓ બેગ ચેક કરવાના બહાને વીંટી ચોરી ભાગી જતાં છાણી પોલીસે તપાસ હાથ ધરી છે. છાણી ગામના પૂજન ટાવરમાં રહેતા ચિરંજી-સાદ જોશી કર્મકાંડ તેમજ પૂજા-પાઠ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. કર્મકાંડી બ્રાહ્મણે વાઘોડિયા રોડની શ્રીનાથ સોસાયટી ખાતે રહેતા પરિવારના ઘરેથી પૂજા-પાઠ પૂર્ણ કરાવીને પરત ઘરે જઈ રહ્યા હતા.

આ દરમિયાન રસ્તામાં દુમાડ કટથી આગળ યોગી ગ્રીન જવાના રસ્તા પર બપોરેના અરસામાં એક બાઈક પર ૨ વ્યક્તિ આવ્યા હતા. જેમાંથી એક વ્યક્તિએ ચિરંજીવી-સાદને રોક્યા હતા અને પોતાની ઓળખ પોલીસ તરીકે આપી હતી. તેણે જણાવ્યું કે, 'મૈં પુલીસવાલા હૂં ઔર તુમ લોગ ન્યૂઝપેપર પઢતે નહીં હો? આજ કલ કૈસી કૈસી ઘટના હોતી હૈ, ઔર આપ લોગોંને સોના પહન રખા હૈ? તેમ કહીને તેણે ચાલતાં ચાલતાં આવીને બ્રાહ્મણના ગળામાં પહેરેલી સોનાની ચેન ઉતારીને ખિસ્સામાં મૂકવાનું જણાવ્યું હતું. બ્રાહ્મણને આ



વ્યક્તિ પોલીસવાળો જ છે, તેવો વિશ્વાસ આવતાં તેમણે પોતાના હાથમાં પહેરેલી સોનાની વીંટી કાઢી બેગમાં મૂકી દીધી હતી.

ત્યારબાદ ગઠિયાએ 'આપકી બેગ ચેક કરની હૈ' તેમ કહીને બેગ ચેક કરવાના બહાને વીંટી કાઢી લઈને બંને ગઠિયા જતા રહ્યા હતા. આ ઘટના અંગે છાણી પોલીસ મથકમાં બંને ગઠિયા વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો હતો. તાજેતરમાં જ વૃદ્ધાનો ફોટો પડાવવાના બહાને કમાટીબાગ લઈ જઈ ઠગોએ દાગીના તફડાવ્યા હતા. છાણી બેંક ઓફ બરોડામાં છ દિવસ પહેલાં પેન્શનની પાસબુકમાં એન્ટ્રી પડાવવા ગયેલાં દુમાડનાં વૃદ્ધાને રસ્તા પર મળેલા બે ગઠિયાનો ભેટો થયો હતો. ગઠિયાઓએ બેંકના સાહેબ તરીકે ઓળખ આપીને તેમના સ્વર્ગીય પતિ બેંકમાં ૯ લાખ મૂકીને ગયા છે, તે જોઈતા હોય તો ફોર્મ ભરવું પડશે, તેમ કહી વૃદ્ધાને કમાટીબાગ લઈ જઈ ફોટો પાડવાના બહાને દાગીના ઉતારી લીધા હતા. પોલીસે બંને ગઠિયાઓને ઉમરેઠથી ઝડપી લીધા હતા. ત્યાં હવે નવીનત્તમ ફ્રોડમાં પોલીસના નામે ઠગાઇ થઇ છે.

રાજકોટ સહિત રાજ્યભરમાં અગાઉ આવી ઘટનાઓ બની ચુકી છે. જેમાં પોલીનસા નામે ચેકીંગ કરી ગઠીયાઓ મહિલાઓ, વૃધ્ધોને ઉભા રાખી રોકડ કે દાગીના બઠ્ઠાવી ગયા હતાં. હવે આવી ઘટના ફરીથી સામે આવી છે. આ પ્રકારના બનાવોથી બચવા ખાસ કરીને મહિલાઓ, વૃધ્ધોએ એકલા નીકળે ત્યારે પોલીસના નામે આ રીતે ચેકીંગ થાય તો તુરત અસલી પોલીસને ફોન કરી દેવો જરૂરી છે. મોબાઇલ ફોન સાથે રાખતા હોય તો પોલીસનો અથવા ઇમર્જન્સી નંબર સ્ક્રીન પર જ સેવ કરીને રાખવો જોઇએ. અથવા તો આ રીતે શંકાસ્પદ રીતે કોઇ ચેક કરે તો બૂમાબૂમ કરી માણસો ભેગા કરી શકાય છે અને ફ્રોડથી બચી શકાય છે.

# રાજકોટ એસટી ડિવિઝને ૨૩ એક્સીડન્ટ ઝોન કર્યા જાહેર

### ૨૪ કલાક કંટ્રોલરૂમ કાર્યરત : કોઈપણ જગ્યાએ વધુ પડતો વરસાદ હોય અને કોઝ વે તેમજ નદી નાળામાં પાણી ભરાઈ ગયો હોય તો તેની આગોતરી જાણ કરવામાં આવે છે



રાજકોટ, તા. ૨૦

સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં હાલ વરસાદની જે સ્થિતિ જોવા મળી રહી છે તેને પહોંચી વળવા માટે તંત્ર સર્જ થયું છે એટલું જ નહીં હાલ ગ્રામ્ય વિસ્તારોમાં અને શહેરી વિસ્તારોમાં પાણી ભરાવવાની સંભાવના જે વધી છે તે પણ અકલ્પનીય છે ત્યારે એસટી ડિવિઝન ને અન્ય કોઈ પ્રશ્ન ન સતાવે તે માટે હવે ટેકનોલોજી નો સહારો લેવામાં આવ્યો છે અને ખાસ ૨૪ કલાકનો કંટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવાયો છે. એસ.ટી.ની તમામ બસનું હવે ટ્રેકિંગ જીપીએસ મારફતે છે કરવામાં આવશે અને ખાસ રાજકોટ એસટી ડિવિઝન દ્વારા ૨૩ જેટલી જગ્યાઓને એકસીડન્ટ ઝોન તરીકે પણ નક્કી કરવામાં આવ્યા છે.

એસટીની તમામ બસોનું GPSની મદદથી ટ્રેકિંગ કરવામાં આવે છે. રાજકોટ એસટી ડિવિઝન દ્વારા રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના ૨૩ એક્સિડન્ટ ઝોન પણ નક્કી કરવામાં આવ્યા છે. ચોમાસા દરમિયાન જો વધુ વરસાદ હોય તો કંટ્રોલરૂમ દ્વારા તુરંત જ ત્યાંથી પસાર થતી બસોને ટ્રેક કરી કંડકટરને સંભવિત આફત અંગે વાકેફ કરે છે અને બસને સલામત સ્થળે રાખવા સૂચના આપે છે.

રાજકોટ એસટી ડિવિઝન દ્વારા GPS સિસ્ટમના આધારે બસનું ટ્રેકિંગ કરવામાં આવે છે અને બસના રૂટમાં આગળ નદી - નાળા, કોઝ વે આવતા હોઈ તો તેની આગોતરી જાણ કંડકટરને કંટ્રોલ રૂમ મારફત કરવામાં આવે છે. જેથી મુસાફરોની સલામતી જળવાઈ રહે. રાજકોટ એસટી વિભાગમાં હાલ ૧૦૬૪ ડ્રાઈવર અને ૧૪૪૦ કન્ડક્ટર છે. જેઓને ચોમાસામાં કંટ્રોલ રૂમ મારફત સતત સજાગ રાખવામાં આવે છે. જેથી સલામત સવારી ગણાતી એસટી બસમાં મુસાફરોની સુરક્ષા અને સલામતી જળવાઈ રહે છે.

રાજકોટ એસટીના વિભાગીય નિયામક જે.બી. કલોતરાએ જણાવ્યું હતું કે, કોઈપણ જગ્યાએ વધુ પડતો વરસાદ હોય અને કોઝ વે તેમજ નદી નાળામાં પાણી ભરાઈ ગયો હોય તો તેની આગોતરી જાણ કરવામાં આવે છે અને તેના માટે જ તમામ એસટી બસોમાં જીપીએસ સિસ્ટમ કાર્યરત રાખવામાં આવી છે. રાજકોટ એસટીની વિભાગીય કચેરી ખાતે કમાન્ડ કંટ્રોલ રૂમ ઊભો કરવામાં આવેલો છે. જે ૧૫મી જૂનથી ૩૦ સપ્ટેમ્બર સુધી કાર્યરત રહે છે. જીપીએસ સિસ્ટમના આધારે કંટ્રોલ રૂમથી તમામ એસટી બસોને ટ્રેક કરવામાં આવે છે. જ્યાં સવારે ૬ થી ૨, બપોરે ૨ થી ૧૦ અને રાત્રે ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી એમ ૩ શિફ્ટમાં કર્મચારીઓ કામ કરતા હોય છે. જેથી કોઈ જગ્યાએ કોઝ વે કે નદી- નાળામાં પાણી ભરાઈ ગયા હોય અને ત્યાં એસટી બસ પહોંચવાની હોય તો તે પહેલા જ કંટ્રોલરૂમ દ્વારા જે તે બસના કંડકટરને ફોન દ્વારા જાણ કરી દેવામાં આવે છે. વધુ પાણી ભરાઈ ગયા હોય તો બસ થોભી દેવા માટે પણ સૂચના આપવામાં આવે છે જેથી મુસાફરોની સુરક્ષા પણ જળવાઈ રહે છે.

આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, જે જગ્યાએ પાણી ભરાઈ ગયા હોય ત્યાંથી નજીકના બસ સ્ટેશનમાં પણ કંટ્રોલરૂમમાંથી ટેલીફોનિક જાણ કરવામાં આવે છે. જેથી વધુ પાણી ભરાયા હોય તેવી પરિસ્થિતિમાં જે તે બસને નજીકના બસ સ્ટેશનમાં રાખી દેવામાં આવે છે અને જ્યારે પાણી ઉતરે ત્યારે ફરી આ બસ રવાના કરવામાં આવે છે. જો વરસાદના કારણે મિલકતને જાનહાનિ થઈ હોય અથવા બસનું કેન્સલેશન થયું હોય તો તેની પણ વિગતો કંટ્રોલરૂમ દ્વારા રાખવામાં આવે છે.

### કુલ ૫૯૫ ફીડરો બંધ : જ્યોતિગ્રામ યોજના હેઠળ જૂનાગઢમાં સર્વાથી ૧૯ ફીડરો જ્યારે ખેતીવાડી હસ્તક પોરબંદરમાં ૧૨૩ ફીડરો ક્ષતિગ્રસ્ત

# સૌરાષ્ટ્ર કચ્છના ૮૮ ગામડાઓમાં વીજ પુરવઠો ખોળવાયો

રાજકોટ, તા. ૨૦

સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં હાલ મેઘાવિ માહોલ જોવા મળી રહ્યો છે અને ગઈકાલથી જ રાજકોટ સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે પીજીવીસીએલ માટે આગામી દિવસો અત્યંત પડકાર જનક સાબિત થઈ શકે છે મળતી માહિતી મુજબ હાલ સૌરાષ્ટ્ર કચ્છ ની વાત કરવામાં આવે તો ગઈકાલ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી ૫૯૫ ફીડરો બંધ હોવાનું માલુમ પડ્યું છે જ્યારે ૮૮ જેટલા ગામડાઓમાં વીજ પુરવઠો સંપૂર્ણપણે ખોળવાઈ ગયો છે જ્યારે ૨૭ જેટલા થાંભલા ડેમેજ થઈ ગયા છે. આ અંગે વિગતવાર માહિતી



મળતા રાજકોટ ગ્રામ્યમાં ખેતીવાડીના ફીડરોની વાત કરવામાં આવે તો ૧૫ ફીડરો હાલ બંધ પડેલા છે જ્યારે જ્યોતિગ્રામ યોજના અંતર્ગત પોરબંદરમાં ૧૪, જૂનાગઢમાં ૧૯, જામનગરમાં ચાર, ભાવનગરમાં ૧૫ એમ કુલ ૫૨ જ્યોતિગ્રામ યોજના હેઠળના ફીડર ઓફ બંધ છે. સામે ખેતીવાડી હસ્તકના ફીડરોની વાત કરવામાં આવે તો રાજકોટ ગ્રામ્યમાં ૧૫, પોરબંદરમાં ૧૨૩, જૂનાગઢમાં ૧૦૯, જામનગરમાં ૬૩, ભુજમાં ૫૭, અંજારમાં ૪૧, ભાવનગરમાં ૪૩, બોટાદમાં પાંચ, અમરેલીમાં ૪૮ અને સુરેન્દ્રનગરમાં ૨૫ ફીડરો બંધ છે એમ કુલ ૫૨૯ ફીડરો હાલ સંપૂર્ણપણે ખોરવાઈ ગયા છે જેની મરામત ચાલી રહી છે.

અર્બન ફીડરોની વાત કરવામાં આવે તો કુલ ૧૦ ફીડરો બંધ હાલતમાં જોવા મળ્યા છે જેમાં પોરબંદરમાં બે, જૂનાગઢમાં ત્રણ અને ભાવનગરમાં પાંચ ફીડરોનો સમાવેશ થયો છે તો ઈન્ડસ્ટ્રીયલ ફીડરો કુલ ચાર હાલ સૌરાષ્ટ્ર કચ્છમાં બંધ છે જેમાં મોરબીમાં બે તથા જુનાગઢ અને ભાવનગરમાં એક એક ફીડરો બંધ છે. ભારે વરસાદના કારણે કુલ ૮૮ ગામડાઓ બંધ થયા છે એટલે કે સંપૂર્ણપણે વીજ પુરવઠો ખોળવાઈ ગયો છે જેમાં પોરબંદરના ૩૨ ગામડાઓ જુનાગઢના ૬૪ ગામડાઓ જામનગરના ૧૦ ગામડાઓ અને ભાવનગરના ૫૭ ગામડાઓ હાલ બંધ છે. જ્યારે પોલ ડેમેજ ની વાત કરવામાં આવે તો ૨૭ જેટલા પોલ હાલ ક્ષતિગ્રસ્ત થયા છે જેમાં જામનગર અને ભાવનગરમાં એક એક તો અમરેલીમાં ૧૫ અને સુરેન્દ્રનગરમાં ૧૦ પોલ ડેમેજ થયા છે જ્યારે અમરેલીમાં એક ટ્રાન્સફોર્મર પણ ડેમેજ થઈ ગયું છે.

# વરસાદની આગાહી વચ્ચે હેડક્વાર્ટર ન છોડવા કલેકટરનો આદેશ

### ફરજ પરનાં અધિકારીઓ કોઈ પણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે નિવારક પગલાં લેવાનું સુનિશ્ચિત કરશે



રાજકોટ, તા. ૨૦

ભારતીય હવામાન વિભાગે (આઇ.એમ.ડી.) સૌરાષ્ટ્રમાં ૨૦ અને ૨૧ ઓગસ્ટનાં રોજ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જેથી રાજકોટ જિલ્લાના અધિકારીઓને હેડક્વાર્ટર ન છોડવા કલેકટર ઓમ પ્રકાશે સૂચના આપી છે. જિલ્લાનાં પ્રાંત અધિકારીઓ, તાલુકા નોડલ અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ સહિતના અધિકારીઓએ પોતાના કર્મચારીઓ સાથે મુખ્ય મથક પર રહેવા કલેકટર ઓમ પ્રકાશે આદેશ આપ્યો છે.

આઇ.એમ.ડી.ના અહેવાલ મુજબ તા.૨૦ અને તા.૨૧ ઓગસ્ટના રોજ સૌરાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ થવાની સંભાવના છે. તેથી, ફરજ પરનાં અધિકારીઓ કોઈ પણ અનિચ્છનીય ઘટનાને રોકવા માટે નિવારક પગલાં લેવાનું સુનિશ્ચિત કરશે. ઉપરાંત જો કોઈ આપત્તિજનક ઘટના બને તો તાત્કાલિક જિલ્લા આપત્તિ નિયંત્રણને જાણ કરવા કલેકટરએ સુચના આપી છે.

### ગુજરાત રાજ્ય હોકી એસોસિએશનના વાઇસ પ્રેસિડેન્ટ તરીકે બિનહરીફ વર્ણી

# રાજ્ય સ્તરે રાજકોટનું ગૌરવ વધારતા મહેશ દિવેચા

રાજકોટ, તા. ૨૦

હાલમાં જ વડોદરા ખાતે રાજ્યના તમામ જિલ્લાઓના હોકીના પ્રતિનિધિઓની હાજરીમાં વાર્ષિક મિટિંગમાં ગુજરાત હોકી એસોસિએશનની જનરલ બોર્ડ મિટિંગમાં એસોસિએશનની નવી બોડીની રચના કરવામાં આવેલ જેમાં રાજકોટ શહેરના મહેશભાઈ દિવેચા સમગ્ર ગુજરાત હોકી એસોસિયેશનની બોડીમાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે બિનહરીફ વરણી થયેલ છે અને રાજકોટનું સમગ્ર ગુજરાતમાં ગૌરવ વધારેલ છે.

૩૫ વર્ષથી રાજકોટમાં હોકીમાં કોચ તરીકે સતત યશસ્વી કામગીરી નિભાવી રહ્યા છે.સાલ ૨૦૨૨મા ઓલ ઈન્ડિયા લેવલની હોકી ટુર્નામેન્ટમાં શ્રેષ્ઠ આયોજન કરવામાં સિંહ ફાળો હતો. ગુજરાત રાજ્ય હોકી એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ નિમણૂક બદલ મહેશભાઈ દિવેચા પર ઠેર ઠેરથી અભિનંદન વર્ષા થઈ રહેલ છે.




# રાજકોટમાં પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના સેમિનાર

### એડિશનલ સેન્ટ્રલ પ્રોવિડન્ટ ફંડ કમિશનર, ગુજરાત સુદીપ્ત ઘોષની રહ્યા ઉપસ્થિતઃ આ કાર્યક્રમનો દીપ પ્રાગટ્યથી આરંભ કરાયા બાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું

રાજકોટ તા. ૨૦

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય અંતર્ગત કાર્યરત એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન દ્વારા રાજકોટ એન્જીનીયરિંગ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે એડિશનલ સેન્ટ્રલ પ્રોવિડન્ટ ફંડ કમિશનર, ગુજરાત સુદીપ્ત ઘોષના અધ્યક્ષસ્થાને પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના સેમિનાર યોજાયો હતો.

આ તકે એડિશનલ સેન્ટ્રલ પ્રોવિડન્ટ ફંડ કમિશનરે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના દેશભરમાં રોજગાર સર્જન કરવા ખૂબ ઉપયોગી બનશે. આ યોજનાનો નવા કર્મચારીઓ અને નોકરીદાતાઓ, બંને લાભ લઇ શકશે. ઈ.પી.એફ.ઓ. સાથે નોંધાયેલા પહેલીવાર કામ કરતા કર્મચારીઓને ૦૨ હપ્તામાં માસિક રૂ. ૧૫ હજારની સહાય અપાશે. આ યોજનાનો લાભ લેવા






રૂ. ૦૧ લાખ સુધીનો પગાર ધરાવતા કર્મચારીઓ પાત્ર રહેશે. પ્રથમ હપ્તો ૦૬ મહિના પછી અને બીજો હપ્તો ૧૨ મહિના બાદ નાણાકીય સાક્ષરતા કાર્યક્રમ ઉતીર્ણ કર્યા પછી ચૂકવવાપાત્ર રહેશે. બચતને પ્રોત્સાહન આપવા માટે, પ્રોત્સાહન રકમનો એક ભાગ બચત પ્રમાણપત્ર અથવા થાપણ ખાતામાં નિશ્ચિત સમયગાળા માટે રાખવામાં આવશે.

તેમણે યોજનાની વધુ વિગત આપતા ઉમેર્યું હતું કે આ યોજનાનો લાભ નોકરીદાતાઓને રૂ. ૦૧ લાખ સુધીના પગાર ધરાવતા કર્મચારીદીઠ મળશે. કેન્દ્ર સરકાર ઓછામાં ઓછા ૦૬ મહિનાથી ૦૨ વર્ષ સુધી સતત રોજગાર ધરાવતા દરેક વધારાના કર્મચારી માટે નોકરીદાતાઓને દર મહિને રૂ. ૦૩ હજાર સુધીના પ્રોત્સાહનો પ્રદાન કરશે. ઉત્પાદન ક્ષેત્ર માટે આ સહાય ત્રીજા અને ચોથા વર્ષ સુધી પણ લંબાવવામાં આવશે. ઈ.પી.એફ.ઓ. સાથે નોંધાયેલી સંસ્થાઓએ ઓછામાં ઓછા ૦૬ મહિનાના સમયગાળા માટે સતત ધોરણે ઓછામાં ઓછા ૦૨ વધારે કર્મચારીઓ (૫૦થી ઓછા કર્મચારીઓ ધરાવતા નોકરીદાતાઓ માટે) અથવા ૦૫ વધારે કર્મચારીઓ (૫૦ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતા નોકરીદાતાઓ માટે) રાખવા પડશે.

આ કાર્યક્રમનો દીપ પ્રાગટ્યથી આરંભ કરાયા બાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું. રીજીઓનલ પ્રોવિડન્ટ ફંડ કમિશનર સમીરકુમારે સ્વાગત પ્રવચન કર્યું હતું. અધિકારીઓ વૈશાલીકુમારી અને મયંકગીરીએ નોકરીદાતાઓ અને પ્રોવિડન્ટ ફંડ એકાઉન્ટધારકોને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમજ રીજીઓનલ પ્રોવિડન્ટ ફંડ કમિશનર કાંતાદેવી મોટવાણીએ આભારવિધિ કરી હતી.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# પશુવૃત્તિ

## પશુપ્રેમ સારી બાબત છે પશુવૃત્તિ અતિ ખરાબ



બુધવારે રાજકોટનો એક રિક્ષાચાલક દેશભરમાં ચર્ચાનો વિષય બની ગયો છે. આ રિક્ષાચાલક દિલ્હીમાં મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમમાં પહોંચીને મુખ્યમંત્રી રેખા ગુપ્તાને તમાચા મારી દેતા સનસનાટી મચી ગઇ હતી.

આ રિક્ષાચાલકનું નામ રાજેશ જાહેર થયું છે. તે કોઇ પક્ષ સાથે જોડાયેલો હોવાનું જાહેર નથી થયું. જો કે, રાજેશ પશુપ્રેમી ખાસ કરીને શ્વાનપ્રેમી હોવાનું બહાર આવ્યું છે. તે ગુન્હાહિત ઇતિહાસ ધરાવે છે. મારપીટ તેમના માટે સામાન્ય બાબત છે, પરિવારની પણ ધોલાઇ કરતો રહે છે.

તાજેતરમાં સુપ્રિમ કોર્ટે આવાર શ્વાનોને પકડવા દિલ્હી સરકારને આદેશ આપ્યો છે. આ આદેશ અંગે રાહુલ ગાંધીએ વિરોધ કર્યો હતો. રાજકોટમાં પોતાને શ્વાન લવર ગણાવતા રાજેશે મુદ્દાને બરાબર સમજ્યા વગર દિલ્હી પહોંચીને મુખ્યમંત્રીને ફડાકા ઝીંકી દીધા. ફાટેલા મગજનું આ પરિણામ છે. રાજેશના કારણે રાજકોટની છાપ દેશભરમાં નેગેટીવ જાહેર થઇ છે.

આ સમગ્ર ઘટના પશુપ્રેમીની નહિ, પશુવૃત્તિની ગણાય. પશુપ્રેમ હોવો એ સારી બાબત છે. પણ, પશુ બની જવું એ માનવતા વિરૂદ્ધનું કાર્ય છે. કોર્ટનો આદેશ છે, જો વાંધો હોય તો નિયમ પ્રમાણે કોર્ટમાં પડકાર ફેકવાનો હોય. આવું કંઇ જ કરવાને બદલે મુખ્યમંત્રી પર હુમલો કરી દેવો એ પશુવૃત્તિ જેવો પશુપ્રેમ ગણાય. રાજેશની જેમ જીવદયાના નામે ઘણાં હાલી નીકળ્યા છે. એકાદ પશુ પર ભૂલથી ઇજા કે કંઇ થઇ જયા તો પણ જીવદયાવાળા હાઉકા નાખવા લાગે છે.

નોનવેજ પ્રેમીઓ હજારો મરઘા-બકરા કાપી નાખે છે. ત્યાં જીવદયાપ્રેમીઓ ફરકતા નથી. બકરા કાપનારો જીવદયા પ્રેમીને પણ કાપી નાખે તેવી બીક લાગે છે. રખડતા કૂતરાથી ત્રાસી જઇને કોઇ તેને પથ્થર મારે તો જીવદયા જાગે છે અને દેકારા કરવા લાગે છે.

આવી વિચિત્ર નીતિના કારણે રાજેશ જેવા મગજ વગરના જીવદયાપ્રેમીઓ પેદા થાય છે. જીવદયા કાયદા પ્રમાણે જ ચાલવી જોઇએ. આ કાર્ય સરકારનું છે. ગાય કે અન્ય જીવને બચાવવા લોકોએ શા માટે મેદાનમાં આવવું જોઇએ. સરકારને આ અંગે કાયદો બનાવવા ફરજ પાડીને કાયદાનો અમલ કરાવવા પણ ફરજ પાડવી જોઇએ. આ બધું કાર્ય સરકારની જવાબદારીમાં આવે છે. સરકાર કામ ન કરે તો તેને ફરજ પડે તેવી લડત આપવી જોઇએ.

લોકો જાતે જ જીવદયાપ્રેમી-શ્વાન લવર બની જઇને કાયદો હાથમાં લઇને બેફામ બની જાય છે. આ પરંપરામાંથી મગજ વગરના રાજેશો પેદા થાય છે. શ્વાનના નામે સ્થાનિક દાદાગીરી સામે લોકો-પોલીસ મૌન રહે છે. આ કારણે રાજેશોનો ઉત્સાહ વધે છે અને રાષ્ટ્રીયકક્ષાએ મોટા ખેલ નાખે છે.

ગુજરાતમાં રાજેશ જેવા મામતેલા સાંઢ ખૂબ છે અને બેફામ છે. સજાગ-સાવધ રહેજો...



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# લોકસભામાં PM-CM-મંત્રીઓને દૂર કરવા માટે બિલ રજૂ

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બિલ મૂક્યું : આ બિલ હેઠળ, જો વડા પ્રધાન, મુખ્યમંત્રી અથવા કોઈપણ મંત્રી ગંભીર ગુનાહિત કેસમાં ધરપકડ થાય છે, તો તેમને પદ પરથી દૂર કરી શકાય

નવીદિલ્હી, તા. ૨૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભામાં પીએમ-સીએમ અને મંત્રીઓને દૂર કરવા માટે બિલ રજૂ કર્યા છે. આ બિલ હેઠળ, જો વડા પ્રધાન, મુખ્યમંત્રી અથવા કોઈપણ મંત્રી ગંભીર ગુનાહિત કેસમાં ધરપકડ થાય છે, તો તેમને પદ પરથી દૂર કરી શકાય છે. અમિત શાહે બંધારણ (૧૩૦મો સુધારો) બિલ, ૨૦૨૫, કેન્દ્રશાસિત પ્રદેશ સરકાર (સુધારા) બિલ, ૨૦૨૫, જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) બિલ, ૨૦૨૫ રજૂ કર્યા છે. આ બિલોને લઈને ગૃહમાં ઘણો હોબાળો થયો હતો. બિલ અંગે અમિત શાહે કહ્યું કે બિલને સિલેક્ટ કમિટી પાસે મોકલવામાં આવશે. બાદમાં બિલને જેપીસી પાસે મોકલવામાં આવ્યું હતું.

AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસી અને કોંગ્રેસના નેતા મનીષ તિવારીએ બિલનો વિરોધ કર્યો. મનીષ તિવારીએ કહ્યું કે, આ એક સંવેદનશીલ બિલ છે. બિલ પર ચર્ચા કરવાની જરૂર છે. તેમણે વધુમાં કહ્યું કે, આ બિલ રાજકીય દુરુપયોગ તરફ દોરી જશે. હું તેનો સખત વિરોધ કરું છું. એનકે પ્રેમચંદ્રને કહ્યું કે, આ બિલ લાવવામાં આટલી ઉતાવળ કેમ છે. તે જ સમયે, સપા નેતા ધર્મેન્દ્ર યાદવે કહ્યું કે અમે ત્રણેય બિલનો વિરોધ કરીએ છીએ, ત્રણેય બિલ બંધારણ વિરોધી, ન્યાય વિરોધી છે.

AIMIM વડા ઓવૈસીએ બિલનો વિરોધ કર્યો. તેમણે કહ્યું કે, આ બિલ બંધારણના સત્તાના વિભાજનના સિદ્ધાંતનું ઉલ્લંઘન છે અને ચૂંટાયેલી સરકાર બનાવવાના લોકોના અધિકારને નબળો પાડે છે. આનાથી કાર્યકારી એજન્સીઓને નાના આરોપો અને શંકાના આધારે ન્યાયાધીશ અને જલ્લાદ બંને બનવાની છૂટ મળે છે. આ સરકાર કોઈપણ કિંમતે દેશને પોલીસ રાજ્ય બનાવવા માટે તૈયાર છે. તેમણે એમ પણ કહ્યું કે, આ પગલું ચૂંટાયેલી સરકાર પર સીધો હુમલો છે અને લોકશાહીના મૂળને નબળા પાડવા જઈ રહ્યું છે. ભારતના બંધારણમાં એવી રીતે ફેરફાર કરવામાં આવી રહ્યો છે કે દેશને પોલીસ રાજ્યમાં ફેરવી શકાય.

બંધારણનો ૧૩૦મો સુધારો બિલ રજૂ કરતી વખતે, વિપક્ષી સાંસદોએ બિલની નકલ ફાડીને ગૃહમંત્રી તરફ ફેંકી દીધી. વિપક્ષી સાંસદોએ શાસક પક્ષ તરફથી ટ્રેઝરી બેંચને ઘેરી લીધી અને ગૃહમંત્રીનું માઇક ફેરવવાનો પ્રયાસ કર્યો. ભારે હોબાળો થયો અને ગૃહની અંદરની પરિસ્થિતિ તંગ બની ગઈ. ગૃહમંત્રીના બચાવમાં આવીને શાસક પક્ષના ઘણા સાંસદોએ પણ વિપક્ષી સાંસદોને રોકવાનો પ્રયાસ કર્યો. ગૃહમંત્રી પાસે સૂત્રોચ્ચાર કરી રહેલા આક્રમક સાંસદોને શાસક પક્ષના રવનીત બિટ્ટુ, કમલેશ પાસવાન, કિરણ રિજિજુ, સતીશ ગૌતમએ રોકવાનો પ્રયાસ કર્યો.

# ચૂંટણી કમિશનર પર ન થઈ શકે ફરિયાદ

### મુખ્ય અને અન્ય ચૂંટણી કમિશનરોને તેમના સત્તાવાર કાર્ય દરમિયાન લેવામાં આવેલા નિર્ણયો, કાર્યવાહી અથવા નિવેદનો માટે કોઈપણ પ્રકારની કાનૂની કાર્યવાહીથી રક્ષણ મળે છે

નવીદિલ્હી, તા. ૨૦

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર મત ચોરીનો સીધો આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્ર, હરિયાણા, કર્ણાટક અને લોકસભા ચૂંટણીમાં પણ મતોની હેરાફેરી થઈ છે અને આ બધું ચૂંટણી પંચની મિલીભગતથી થયું છે. રાહુલ ગાંધીએ ઔરંગાબાદની રેલીમાં પ્રશ્ન ઉઠાવ્યો હતો કે સરકારે સીસીટીવી સર્વેલન્સ સંબંધિત કાયદામાં કેમ ફેરફાર કર્યો અને ૨૦૨૩માં ચૂંટણી કમિશનર સામે કોઈ કેસ નોંધી ન શકાય તેવી જોગવાઈ કેમ કરવામાં આવી. રાહુલે આરોપ લગાવ્યો કે આ ફેરફાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કરવામાં આવ્યો હતો જેથી ચૂંટણી કમિશન સામે કોઈ કાર્યવાહી ન થઈ શકે. દરમિયાન, રવિવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે એક પ્રેસ કોન્ફરન્સમાં તમામ આરોપોને રાજકીય રીતે પ્રેરિત ગણાવીને ફગાવી દીધા હતા. રાહુલ ગાંધીને ૭ દિવસની અંદર સોગંદનામું દાખલ કરવા અથવા માફી માંગવા માટે પણ કહેવામાં આવ્યું હતું.

મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય કમિશનર (૨૦૨૩) અધિનિયમ હેઠળ, મુખ્ય અને અન્ય ચૂંટણી કમિશનરોને તેમના સત્તાવાર કાર્ય દરમિયાન લેવામાં આવેલા નિર્ણયો, કાર્યવાહી અથવા નિવેદનો



માટે કોઈપણ પ્રકારની કાનૂની કાર્યવાહીથી રક્ષણ મળે છે. એટલે કે, તેમની સામે ન તો સિવિલ કે ન તો ફોજદારી મુકદ્દમો દાખલ કરી શકાય છે. આ ઉપરાંત, મુખ્ય ચૂંટણી કમિશનરની ભલામણ વિના કોઈપણ કમિશનરને પદ પરથી દૂર કરી શકાતા નથી. ચૂંટણી પંચના સ્પષ્ટીકરણથી અસંતુષ્ટ, વિપક્ષી પક્ષો હવે સંસદમાં CEC જ્ઞાનેશ કુમાર સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યા છે. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સહિત અનેક પક્ષોના નેતાઓએ એક બેઠક યોજી અને આ દિશામાં રણનીતિ બનાવી. વિપક્ષનો આરોપ છે કે જનતાના પ્રશ્નોના જવાબ આપવાને બદલે, ચૂંટણી પંચ શાસક પક્ષના પક્ષમાં કામ કરી રહ્યું છે.

બંધારણના અનુચ્છેદ ૩૨૪ (૫) મુજબ, મુખ્ય ચૂંટણી કમિશનરને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની જેમ જ દૂર કરી શકાય છે. એટલે કે, તેમની સામે સીધો કેસ કે FIR નોંધી શકાતી નથી. દૂર કરવાની પ્રક્રિયા ફક્ત સંસદ દ્વારા જ શક્ય છે. સામાન્ય ચૂંટણી કમિશનરોને રાષ્ટ્રપતિ દ્વારા દૂર કરી શકાય છે, પરંતુ મુખ્ય ચૂંટણી કમિશનરને ફક્ત ત્યારે જ દૂર કરી શકાય છે જ્યારે સંસદ બંને ગૃહોમાં વિશેષ બહુમતી સાથે ઠરાવ પસાર કરે અને રાષ્ટ્રપતિ અંતિમ આદેશ જારી કરે. મુખ્ય ચૂંટણી કમિશનરને ફક્ત બે આધારો પર દૂર કરી શકાય છે. જેમાં પહેલો આધાર એ છે કે મુખ્ય ચૂંટણી કમિશનરને ગેરવર્તણૂક, ભ્રષ્ટાચાર, પક્ષપાત, બંધારણીય જવાબદારીઓનું ઉલ્લંઘન અથવા રાજકીય પક્ષ સાથે મિલીભગતના કિસ્સામાં દૂર કરી શકાય છે. આ ઉપરાંત, બીજો આધાર ક્ષમતામાં છે, જો ચૂંટણી કમિશનર ગંભીર, શારીરિક અથવા માનસિક બીમારીને કારણે કામ કરવાની ક્ષમતા ગુમાવે છે, તો આવી સ્થિતિમાં મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરી શકાય છે. તે જ સમયે, ફક્ત વિચારધારા અથવા નિર્ણય સાથે અસંમતિ મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરવા માટેનો આધાર હોઈ શકે નહીં.

# દિલ્હી CMને લાફો મારનાર શખ્સ રાજકોટનો

### લોકદરબારમાં ફરિયાદના બહાને કર્યો હુમલો : હુમલાખોર માનસિક બીમાર હોવાનું આવ્યું સામે

નવીદિલ્હી, તા. ૨૦

૧૯ ઓગસ્ટના રોજ શાલીમાર બાગમાં દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાના ખાનગી નિવાસસ્થાનની બહાર એક શંકાસ્પદ ગતિવિધિ જોવા મળી હતી. મળતી માહિતી મુજબ, આરોપીએ હુમલા પહેલા મુખ્યમંત્રી નિવાસસ્થાનની રેકી કરી હતી અને તેનો એક વીડિયો પણ બનાવ્યો હતો જે તેના મોબાઇલ ફોનમાંથી મળી આવ્યો છે. આ વીડિયો ૧૯ ઓગસ્ટનો છે અને સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે આરોપી મુખ્યમંત્રી નિવાસસ્થાનની સામે ફરતો વિડિઓ બનાવી રહ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેણે હુમલાના લગભગ ૨૪ કલાક પહેલા રેકીની પ્રક્રિયા શરૂ કરી હતી. આ સીસીટીવી ફૂટેજ પોલીસને સોંપવામાં આવ્યા છે અને તેઓએ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરી છે. આરોપીની ઓળખ અને ઇરાદો જાણવા માટે પોલીસ તમામ પાસાઓની તપાસ કરી રહી છે.

સીસીટીવી ફૂટેજમાં, ૧૯ ઓગસ્ટના રોજ શાલીમાર બાગમાં દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાના નિવાસસ્થાનની રેકી કરતો એક વ્યક્તિ જોવા મળે છે. આજે, જાહેર સુનાવણી દરમિયાન મુખ્યમંત્રી પર હુમલો કરવાનો પ્રયાસ થયા બાદ, પોલીસે આરોપીને સ્થળ પર જ પકડી લીધો. પ્રારંભિક તપાસમાં જાણવા



મળ્યું છે કે આ એ જ વ્યક્તિ છે જે બે દિવસ પહેલા નિવાસસ્થાન પાસે ફરતો જોવા મળ્યો હતો.

આમ આદમી પાર્ટીએ જાહેર સુનાવણી દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર થયેલા હુમલાની સખત નિંદા કરી છે. અઅડના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલથી લઈને દિલ્હી એકમના રાજ્ય સંયોજક સુધી, તમામ નેતાઓએ આ હુમલાને લોકશાહી વ્યવસ્થા વિરુદ્ધ ગણાવ્યો છે અને આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. અરવિંદ કેજરીવાલે ટ્વિટર પર કહ્યું કે આ હુમલો ખૂબ જ નિંદનીય છે. લોકશાહી વ્યવસ્થામાં મતભેદ અને વિરોધ સ્વીકાર્ય છે, પરંતુ હિંસા માટે કોઈ સ્થાન હોઈ શકે નહીં. મને વિશ્વાસ છે કે દિલ્હી પોલીસ યોગ્ય કાર્યવાહી કરશે. આશા છે કે મુખ્યમંત્રી સંપૂર્ણપણે સુરક્ષિત અને સ્વસ્થ રહેશે.

AAPના દિલ્હી પ્રદેશ પ્રમુખ સૌરભ ભારદ્વાજે કહ્યું કે આપણા સમાજ અને દેશમાં કોઈપણ પ્રકારની હિંસા માટે કોઈ સ્થાન નથી. મહાત્મા ગાંધીએ ૧૦૦ વર્ષ પહેલા આપણને આ શીખવ્યું હતું. પ્રશ્ન એ છે કે, તે કયા પક્ષો અને વિચારધારાઓ છે જે દેશ અને સમાજમાં હિંસાને પ્રોત્સાહન આપી રહ્યા છે, હિંસાને પ્રોત્સાહન આપી રહ્યા છે? સૌરભ ભારદ્વાજે કહ્યું કે હિંસા ફક્ત મુખ્યમંત્રી પર હુમલો કરવા વિશે નથી. જ્યારે SSCના વિદ્યાર્થીઓ અને શિક્ષકો તેમના હકોની માંગણી કરી રહ્યા હોય અને પોલીસ તેમના પર ક્રૂર વર્તન કરે છે, ત્યારે આ પણ હિંસા છે. જ્યારે ખેડૂતો મહિનાઓ સુધી તડકા, વરસાદ અને ઠંડીમાં પોતાના હકો માટે ઉભા રહે છે, અને પોલીસ તેમના પર ક્રૂર વર્તન કરે છે, તેમના માથા તોડી નાખે છે, તેમને જમીન પર ખેંચી લે છે, ત્યારે આ પણ હિંસા છે. પોલીસ નાની નાની બાબતોમાં નાગરિકો સાથે જે રીતે વર્તે છે, તેને તે અધિકાર નથી. સજા કરવાનો અધિકાર ફક્ત કોર્ટને છે. તેથી, નાગરિકો સાથે પોલીસનું દુર્વ્યવહાર પણ હિંસા છે.

## શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શ્રાવણી અભિષેક

### શિવનાં ત્રીજા નેત્રની તેજાગ્નિ માંથી જલંધરનો ઉદ્ભવ થયો હતો! છતાં શિવે એને દંડિત કર્યો!



હે દેવોના દેવ મહાદેવ.
સૌનાં હૃદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને મારા સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શ્રાવણ એનાં અંતિમ ચરણમાં પહોંચી ગયો છે, અને ભગવાન શિવ પણ શિવાલય છોડી કૈલાસ તરફ જવાં ગતિમાન થયાં હશે! પણ જો આપણાં હૃદયમાં કરુણા હશે, તો એ ત્યાં નિત્ય નિવાસ કરશે અને બચેલું જીવન ધન્યતા અનુભવશે. શતરુદ્ર સંહિતાનાં બચેલા અધ્યાય શ્રાવણ પૂરો થતાં પૂર્ણ કરીએ, પછી શું કરવું એ આગળ પર જોઈશું.

શિવપુરાણમાં આગળ ભગવાન નંદીકેશ્વર સનતકુમારને અવધૂતેશ્વર આવકારની કથા અને એની મહિમાનું વર્ણન કરે છે. એકવાર સ્વર્ગનો રાજા ઇન્દ્ર બધાં જ દેવતાઓ તથા દેવગુરુ ગૃહસ્પતિને સાથે લઈને ભગવાન શિવનાં દર્શન કરવા માટે કૈલાશ પર્વત પર જાય છે. ભગવાન શિવે એમના સુઆગમનની વાત જાણીને ભગવાન એ બંનેની પરીક્ષા લેવા માટે અવધૂત બનીને માર્ગમાં ઊભા રહ્યા!; એ અવધૂતનાં શરીર પર કોઈ જ વસ્ત્ર ન્હોતું, અને પ્રજ્વલિત અગ્નિની જેમ એકદમ તેજસ્વી હતાં, એમની આકૃતિ ખૂબ જ સુંદર જણાતી હતી. ઇન્દ્ર તો સ્વર્ગનો રાજા હતો, અને એને પોતાનાં અધિકાર તેમજ બળ પર અભિમાન હતું, એટલે તે નગ્ન અવધૂતને વારંવાર પૂછ્યું, કે તમારું નામ શું છે? બતાવો વિલંબ ન કરો! અમને ભગવાન શિવ પાસે જવામાં મોડું થાય છે? એ કૈલાસ પર છે કે નહીં? વારંવાર પૂછવા છતાં એ મહાયોગી કંઈ જ બોલ્યા નહીં, અને ત્યારે એશ્વર્યનું અભિમાન કરનારાં દેવરાજ ઇન્દ્રે ક્રોધમાં એ જટાધારી પુરુષ સામે વજ્ર ઉગામ્યું, અને કહ્યું કે હું જોઉં છું, આ વજ્રથી કોણ તારી રક્ષા કરે છે ? ભગવાન શિવ એ તરત જ એ વજ્રનું સ્તંભન કરી દીધું, અને એનો હાથ અકડાઈ ગયો. એટલા માટે વજ્રનો પ્રહાર કરી શક્યાં નહીં, પરંતુ એ અવધૂત પુરુષ પણ તત્કાળ ક્રોધને કારણે તેજથી વધુ પ્રજ્વલિત થઈ ગયાં, અને જાણે ઈન્દ્રને સળગાવી દેવા હોય, એમ આગળ વધ્યાં. શચિવલ્લભ ઇન્દ્ર પણ પોતાનું બળ ઓસરતું જોઈ ક્રોધથી સર્પ જેમ સળવવા લાગ્યો. સાથે આવેલા દેવગુરુ ગૃહસ્પતિએ જાણી લીધું કે આ તો સાક્ષાત શિવ છે, એટલે એમને તરત જ બે હાથ જોડી પ્રણામ કર્યા, અને સ્તુતિ કરવા લાગ્યાં. એમણે ઈન્દ્રને એમનાં ચરણોમાં પાડી દીધો, ને કહ્યું એ દીનાનાથ અમારી પર કૃપા કરો, અમારી પર કરુણા કરો. અમારાથી બહુ મોટો અપરાધ થઈ ગયો છે. મહાદેવ અમ પર ક્રોધ નહીં, પ્રેમ કરો. શરણાગત પર કૃપા કરવી એ તમારો પરમ ધર્મ છે! આપનાં લલાટમાંથી પ્રગટેલી આગ અમને સળગાવી દેવા આગળ વધી રહી છે. આ વાત સાંભળીને ભગવાન શંકરે હસતાં હસતાં કહ્યું, મારા નેત્રથી જે અગ્નિ બહાર નીકળી છે, એને હું પુનઃ કેવી રીતે ધારણ કરી શકું! શું સાપ પોતાની કાંચળી છોડી દીધા પછી ફરી ગ્રહણ કરે છે?: દેવગુરુ ગૃહસ્પતિ બોલ્યા હે મહાદેવ, ભક્ત સદાય કૃપાને પાત્ર હોય છે, આપ ભક્તવત્સલ નામને ચરિતાર્થ કરનારાં છો, આ ભયંકર તેજને કોઈ અન્ય સ્થળે ફેંકી દો! ભગવાન શંકર કહે છે, ઈન્દ્રને જીવનદાન દેવાને કારણે આજથી તમારું એક નામ જીવ પણ રહેશે. મારા લલાટવર્તી નેત્રથી જે આગ પ્રગટ થઈ છે, એને દેવતા સહી નહીં શકે, તેથી એને હું બહુ દૂર છોડી દઈશ. આવું કહી પોતાનાં એ તેજ સ્વરૂપ અદ્ભુત અગ્નિને હાથમાં લઈને શિવે ક્ષીરસાગરમાં ફેંકી દીધી, ત્યાં ફેંકી દેવાથી જ શિવનું એ તેજ તત્કાળ એક બાળકના રૂપે પ્રગટ થયું, જે સિંધુપુત્ર દેખાવે આબેહૂબ શિવ જેવો જલંધર નામથી વિખ્યાત થયો. પછી દેવતાઓની પ્રાર્થનાથી ભગવાન શિવે જ અસુરોના સ્વામી જલંધરનો વધ કર્યો. આમ ભગવાન અવધૂતેશ્વર શિવ દ્રુષ્ટોને દંડ અને ભક્તોને આનંદ પ્રદાન કરનારાં છે.

નંદીકેશ્વર સનતકુમારોને આગળ ભગવાન શિવનાં ભિક્ષુવર્ય અવતારની કથા કહી. વિદર્ભ દેશમાં સત્યરથ નામનો એક રાજા હતો, અને તે ધર્મ તત્પર સત્યશીલ અને શિવભક્તોને પ્રેમ કરનારો હતો. એકવાર સાલ્વ દેશના ક્ષત્રિય રાજાઓએ સત્યરથની રાજધાની પર આક્રમણ કરી, એને ચારે બાજુથી ઘેરી લીધી. રાજાની બહુ મોટી સેનાને આ યુદ્ધમાં નુકસાન થયું, અને શત્રુઓ સાથે દારૂણ યુદ્ધ કરતાં કરતાં રાજા સત્યરથ માર્યા ગયાં, અને હવે રાજા નથી રહ્યાં એ વાત જાણી, એમની સગર્ભા પત્ની સુકુમાર રાણી મહેલ છોડીને પૂર્વ દિશા તરફ દૂર ચાલી નીકળી. ભગવાન શંકરની કૃપાથી રાણીને એક નિર્મળ સરોવર જોવા મળ્યું, અને આ ઘટાદાર વૃક્ષની નીચે રાણીએ ઉત્તમ ગુણોથી યુક્ત એક દિવ્ય બાળકને જન્મ આપ્યો. રાણીને તરસ લાગી હતી એટલે એ પાણી પીવા સરોવરમાં ઉતરી! અને ત્યાં એને એક મગરે કોળિયો બનાવી દીધી! અને જન્મતા વેંત બાળક અનાથ થઈ ગયું, અને રડવા લાગ્યું. એવામાં બ્રાહ્મણની એક વિધવા સ્ત્રી ત્યાં આવી અને હજી જેની ગર્ભ નાળ પણ કપાઈ નથી, એવાં બાળકને વનવગડામાં જોઈ આશ્ચર્ય થયું! એ તેને ગોદમાં લેવાં ઈચ્છતી હતી, પણ એને થયું કે આ કોઈ માયાવી તો નહીં હોય ને! ભગવાન શિવ એક ભિક્ષુક સંન્યાસીનું રુપ લઈ આવે છે, અને એ બ્રાહ્મણ સ્ત્રીને આ બાળકનું લાલન પાલન કરવું એ તારો ધર્મ છે એ સમજાવે છે, અને પોતાનાં મૂળ સ્વરૂપે એને દર્શન આપે છે. એણે કહ્યું કે હું આ બાળકને તો હું ઉછેરીશ, પણ હે મહેશ્વર, આ બાળકનાં કેવાં કર્મ છે? કે જન્મતાં જ અનાથ થઈ ગયો. ભગવાન શિવએ કહ્યું કે આ રાજકુમારનાં પિતા વિદર્ભ રાજ સત્યરથ પૂર્વ જન્મમાં સાલ્વ દેશનાં શ્રેષ્ઠ રાજા હતાં એ ધર્મનાં જ્ઞાતાને સંપૂર્ણપણે ધર્મ પૂર્વક જીવતાં હતાં. પરંતુ એક દિવસ પ્રદોષકાલમાં રાજા ભગવાન શંકરનું પૂજન કરી રહ્યાં હતાં, ત્યારે નગરમાં થતાં કોલાહલથી એણે પૂજા મૂકી દીધી, અને નગરમાં શેને કારણે કોલાહલ થઈ રહ્યો છે? શું કોઈએ આક્રમણ તો નથી કર્યું એવી આશંકાથી રાજભવન માંથી બહાર નીકળી ગયાં. એમનો પુત્ર પણ એ જ રીતે પૂજન છોડી અને બહાર નીકળી ગયો, અને અધૂરી પૂજાએ જ ભોજન કરી લીધું, આ રાજકુમારની માતાએ પૂર્વ જન્મમાં છળથી પોતાની શોક્યને મારી નાખી હતી, એટલે એને મગર ખાઈ ગયો. બ્રાહ્મણીએ ચક્ર નામનાં નગરમાં એક ઘર બનાવ્યું હતું, એમાં એ બંને બાળકોનો ઉછેર કરવાં લાગી. એકવાર નદીમાં સ્નાન કરવા ગયેલાં બ્રાહ્મણ પુત્રને સોનાનો કળશ મળ્યો, અને હવે વિધવા માતા માટે બંનેનો ઉછેર સરળ થઈ ગયો. બંને કુમારો મોટાં થવા લાગ્યાં, અને નિત્ય શિવ પૂજન અર્ચન કરતાં હતાં. રાજકુમાર ધર્મગુપ્તનાં લગ્ન એક ગંધર્વરાજની કન્યા સાથે થયાં, અને એનાં પિતાએ એને રાજા બનાવ્યો! અને એ પોતાની પાલક માતા તથા દ્વિજ ભાઈ સાથે ઉત્તમ ભોગનો અધિકારી બની મૃત્યુ બાદ શિવલોકમાં જાય છે. તો વિધર્મી પર પણ અપરંપાર કરુણા કરનારા મહાદેવના ચરણોમાં કોટી કોટી વંદન. બોલો ૐ નમઃ શિવાય.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### આજના યુગમાં સહનશક્તિનો અભાવ અને ક્રોધને કારણે નાની નાની વાતે ઢળી રહી છે લોથ

# ખાટલામાં સુવાના ડખ્ખામાં મજૂરને મજૂરે ઢાળી દીધો

## બીજી ઘટનામાં કોંગ્રેસના પુર્વ કાઉન્સીલરને છરીના ઘા ઝીંકી પતાવી દેવાયાઃ રહસ્ય ઉકેલવા પોલીસની ટીમો કામે લાગી

રાજકોટ, તા. ૨૦

નાની મોટી વાતે બની રહેલી હત્યાની ઘટનાઓ વચ્ચે વધુ બે બનાવ સામે આવ્યા છે. જેમાં એક મજૂરની ખાટલામાં સુવા બાબતે કરપીણ હત્યા કરી નાખવામાં આવી હતી. તો બીજા બનાવમાં અજાણ્યા શખ્સોએ કોંગ્રેસના પુર્વ કાઉન્સીલરને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા હતાં. હત્યાનું રહસ્ય ઉકેલવા પોલીસ કામે લાગી હતી.

વિગતો પર નજર કરીએ તો હત્યાની પ્રથમ ઘટના ભુજ પંથકમાં બની છે. સહનશક્તિનો અભવા કહો કે પછી ક્રોધ કહો નહિ જેવી વાતે માણસો એક બીજાના લોહીના તરસ્યા બની જાય છે અને એક બીજાને મોતને ઘાટ ઉતારી દે છે. ભુજના માંડવી તાલુકાના પદમપર ગામની વાડીમાં સામે આવ્યો છે. જેમાં પંચમહાલના બે ખેતમજુરો વચ્ચે માત્ર ખાટલા પર સુવા બાબતે થયેલી બબાલમાં ચાલીસ વર્ષીય યુવાનનું તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા નીપજાવી દેવામાં આવી હતી. પોલીસ સુત્રોના કહેવા અનુસાર મુળ પંચમહાલ જિલ્લાના ઝીંઝરી ગામના અને હાલ પદમપર ગામની વાડીમાં રહેતા ચાલીસ વર્ષીય વિક્રમભાઈ ભુરસિંગભાઈ રાઠવાની હત્યા કરી દેવામાં આવી છે. જે મામલે મૃતકના ભાઈ વિજય રાઠવાએ ગઢશીશા પોલીસ મથકે પંચમહાલના ઉજેટી ગામના આરોપી સંજય નાનજી નાયક વિરુદ્ધ ગુનો નોધાવ્યો છે.

આ ઘટનાની વિગતો જણાવતાં ફરિયાદીએ કહ્યું હતું કે સવારે સાડા સાત વાગ્યાના અરસામાં બન્યો હતો. ફરિયાદીનો ભાઈ વિક્રમ અને આરોપી સંજય પદમપર ગામમાં આવેલી હિતેશભાઈ પટેલની વાડી પર સાથે રહેતા હતા. એ દરમિયાન ૧ સાંજે મૃતક વિક્રમે ફરિયાદીને ફોન કર્યો હતો અને આરોપી સંજય ખાટલામાં સુવા બાબતે અવારનવાર ઝઘડો કરતો હોવાનું કહ્યું હતું. આ બાબતે બન્ને વચ્ચે બોલાચાલી અને ઝઘડો થયા બાદ આરોપીએ તીક્ષ્ણ હથિયાર વડે ફરિયાદીના ભાઈને હોઠ, આંખ, છાતી સહિતના ભાગો ઉપર ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો.



હત્યાની આ ઘટના બારામાં ગઢશીશા પોલીસ મથકના પોલીસ ઈન્સ. આર.બી.ટાપરીયા સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે હત્યા નીપજાવનાર સાથી ખેતમજુર સ્થળ પરથી ભાગી ગયો છે. જેને ઝડપી લેવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. વધુ વિગતો અનુસાર ઘોઘંબા તાલુકાના ઝીંઝરી ગામનો મૃતક યુવાન છેલ્લા બે મહિનાથી કચ્છમાં ખેતમજુરી કરવા માટે આવેલો હતો અને હાલ પદમપર ગામની વાડીમાં ખેતમજુરી કરતો હતો.જેને સાથી ખેતમજુરે ખાટલા પર સુવાની ઘેલછામાં મોતને ઘાટ ઉતારી દીધો હતો.

હત્યાના બીજા બનાવમાં આણંદના બાકરોલ વિસ્તારમાં આવેલ તળાવ પાસે આજે સવારે કોંગ્રેસના પૂર્વ કાઉન્સિલર ઈકબાલ મલેક ઉર્ફે બાલાની ચપ્પુના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, પૂર્વ કાઉન્સિલર ઈકબાલ મલેક ઉર્ફે બાલા સવારે ચાલવા માટે બાકરોલ તળાવ પાસે ગયા હતા. આ દરમિયાન અજાણ્યા શખસોએ તેમને આંતરી છરીના ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા. હુમલા બાદ શખ્સો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે ઘાયલ ઈકબાલનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

હાલના તબક્કે હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે અને હત્યારાઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાને પગલે ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સ્થળ પર તપાસ કરી હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પૂર્વ કાઉન્સિલરની હત્યાની ઘટનાને પગલે આણંદ કોંગ્રેસમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. ઘટનાની જાણ થતા જ શહેરના કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ ઘટનાએ શહેરમાં ખળભળાટ મચાવી દીધો છે. પોલીસ હત્યારા અને હત્યાનું કારણ શોધવા કામે લાગી છે.



# રાજકોટ એઈમ્સના પ્રમુખ પદે ડો. જીવન સિંહ ટિટિયાલ

### અમેરિકન સોસાયટી ઓફ કેટરેક્ટ એન્ડ રીફ્રેક્ટિવ સર્જન્સ માં લાઇવ સર્જરી કરનાર પ્રથમ ભારતીય

રાજકોટ, તા. ૨૦

રાજકોટ એમ્સના પ્રમુખને લઈને ઘણા ખરા પ્રશ્નો ભૂતકાળમાં ઊભા થયા હતા અને પ્રમુખની નિમણૂક ન થવાના કારણે ઘણા વહીવટી કામો પણ અટકી પડ્યા હતા આ વાતની રજૂઆત રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલા દ્વારા અનેક વખત કરવામાં આવી હતી જેને લઇ સરકાર દ્વારા રાજકોટ એમ્સને પ્રોફેસર ડોક્ટર ડો. જીવન સિંહ ટિટિયાલની નિમણૂક પ્રમુખ તરીકે કરવામાં આવી છે. તેઓ ઓલ ઈન્ડિયા ઓપ્થેલ્મિક લોજીકલ સોસાયટીના ચૂંટાયેલા પ્રમુખ છે. તેમજ ઈન્ડિયા સોસાયટી ઓફ કોર્નિયા એન્ડ કેરાટોરિફ્રેક્ટિવ સર્જન્સના પ્રમુખ પણ રહી ચુક્યા છે.

પ્રો. ડો. જીવન સિંહ ટિટિયાલની શૈક્ષણિક અને સંશોધન સિદ્ધિઓમાં તેઓ અમેરિકન સોસાયટી ઓફ કેટરેક્ટ એન્ડ રીફ્રેક્ટિવ સર્જન્સ માં લાઇવ સર્જરી કરનાર પ્રથમ ભારતીય છે. તેમજ વાર્ષિક સભા પીઅર રિવ્યુ કરેલ ઇન્ડેક્સ્ડ જર્નલમાં તેમના ૫૦૦ પ્રકાશનો બહાર પડ્યા છે. પ્રો.ડો. જીવન સિંહ ટિટિયાલ દ્વારા ૧૦૦૦ થી વધુ પ્રવચનો અને વ્યાખ્યાનો આપવામાં આવ્યા છે. આ ઉપરાંત તેઓ ડો. રાજેન્દ્ર પ્રસાદ સેન્ટર ફોર ઓપ્થેલ્મિક સાયન્સ, ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, નવી દિલ્હીના ચીફ રહી ચુક્યા છે. પ્રો. ડો. જીવન સિંહ ટિટિયાલ ૨૦૧૩-૧૪માં દિલ્હી ઓપ્થેલ્મો લોજિકલ સોસાયટીના પ્રમુખ પણ રહી ચુક્યા છે. જ્યારે ૨૦૧૦થી ૨૦૨૧ સુધી નેશનલ આઈ બેંક, આર પી સેન્ટર ફોર ઓપ્થેલ્મિક સાયન્સ, એઈમ્સમાં પ્રમુખ રહી ચુક્યા છે અને ૨૦૦૩થી ૨૦૦૫ સુધી દિલ્હી ઓપ્થેલ્મોલોજિકલ સોસાયટીના સચિવ રહી ચુક્યા છે.

પ્રો. ડો. જીવન સિંહ ટિટિયાલને વર્ષ ૨૦૧૪માં પદ્મશ્રી પુરષ્કાર એનાયત કરાયો હતો તેમને મળેલા પુરષ્કાર વિષે વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૧૪માં ભારતના રાષ્ટ્રપતિ, નવી દિલ્હી દ્વારા દવા (નેત્રવિજ્ઞાન) ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ પ્રો. ડો. જીવન સિંહ ટિટિયાલને પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યો છે. તેમજ સિનિયર એચિવમેન્ટ એવોર્ડ (૨૦૧૬) અમેરિકન એકેડેમી ઓફ ઓપ્થેલ્મોલોજીનું પણ તેમને સન્માન મળ્યું છે. ઉપરાંત પ્રો. ડો. જીવન સિંહ ટિટિયાલને એચિવમેન્ટ એવોર્ડ (૨૦૦૯)- અમેરિકન એકેડેમી ઓફ ઓપ્થેલ્મોલોજી સન્માન મળ્યું છે. પ્રો. ડો. જીવન સિંહ ટિટિયાલને એશિયા-પેસિફિક એકેડેમી ઓફ ઓપ્થેલ્મોલોજી- વિશિષ્ટ સેવા એવોર્ડ ૨૦૨૧ પ્રાપ્ત થયો છે અને પી. શિવા રેડ્ડી ઇન્ટરનેશનલ એવોર્ડ (૨૦૨૧-૨૨)- ઓલ ઈન્ડિયા ઓપ્થેલ્મોલોજિકલ સોસાયટી પુરષ્કાર પણ પ્રાપ્ત થયો છે.

# કો-ઓપરેટીવ ક્ષેત્રમાં 'સહકાર સે સમૃધ્ધિ'થી દેશ રહેશે અગ્રેસરઃ CM

| | | |
|---|---|---|
| ગાંધીનગરમાં સહકાર સે સમૃદ્ધિ અંતર્ગત મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને સહકારી અગ્રણીઓનો એક દિવસીય વર્કશોપ | જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો દૂધ ઉત્પાદક સહકારી સંઘો ખેતી બેંક ગુજકોમાસોલ સહિતની સહકારી સંસ્થાઓના અગ્રણીઓ સહભાગી થયા | ૨૦૩૪ સુધીમાં જી.ડી.પી.માં સહકારી ક્ષેત્રનું યોગદાન ત્રણ ગણું વધારવાનું લક્ષ્ય નવી રાષ્ટ્રિય સહકાર નીતિ-૨૦૨૫માં રાખવામાં આવ્યું છે |






ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ પણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સહકારી ક્ષેત્રનું શ્રેષ્ઠ મોડલ દુનિયા સમક્ષ પ્રસ્તુત કરીને આવનારા ભવિષ્યમાં કો-ઓપરેટિવ સેક્ટરમાં પણ દેશને અગ્રેસર રાખશે. ૨૦૨૫નું વર્ષ આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે કો-ઓપરેટિવ બિલ્ડ ધ બેટર વર્લ્ડની થીમ સાથે ઉજવાઈ રહ્યું છે. આ ઉજવણી સંદર્ભમાં 'સહકારથી સમૃદ્ધિ' અંતર્ગત જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો, દુધ ઉત્પાદક સહકારી મંડળીઓ, ખેતી બેંક અને ગુજકોમાસોલ સહિતની સહકારી સંસ્થાઓના અગ્રણીઓનો એક દિવસીય વર્કશોપ ગાંધીનગરમાં યોજાયો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્કશોપના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા કહ્યું કે, સ્વતંત્રતા પહેલાં ગુજરાતના બે સપૂત મહાત્મા ગાંધી અને સરદાર પટેલની આગેવાનીમાં અસહકારની લડતમાં અગ્રેસર ગુજરાત આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને પ્રથમ સહકાર મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકાર સે સમૃદ્ધિથી વોકલ ફોર લોકલના વિઝનને પાર પાડવામાં અગ્રેસર છે.

તેમણે જણાવ્યું કે, છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવા અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં સહકારી ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યું છે. ખાસ કરીને પ્રાથમિક સહકારી મંડળીઓ આ માટેનું અને સ્વદેશીથી આત્મનિર્ભરતાનું યોગ્ય પ્લેટફોર્મ છે એમ મુખ્યમંત્રીશ્રી ઉમેર્યું હતું.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાનએ આત્મનિર્ભર ભારતને ૧૪૦ કરોડ ભારતવાસીઓનો સંકલ્પ અને જન આંદોલન બનાવ્યું છે. આત્મનિર્ભરતા માટે આપણે સહકારી મંડળીઓ, સ્વ સહાય જૂથોની મંડળીઓ દ્વારા બનાવાયેલી ચીજ વસ્તુઓ ખરીદીને આત્મનિર્ભર ભારત સાથે વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલને વેગ આપી શકીએ.

મુખ્યમંત્રીએ પેકસમાં સ્થાનિક કોર્પોરેટ કંપની બનવાની સંભાવનાઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ સાથે મળીને તેને સાકાર કરી શકે તેમ છે. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપમાં દેશમાં આઝાદીના દશકો પછી અલાયદૂ સહકાર મંત્રાલય રચવામાં આવ્યું છે. એટલું જ નહીં, છેવાડાના માનવીના વિકાસ માટેની વડાપ્રધાનની વિચારધારાને અનુરૂપ નવી સહકાર નીતિ ૨૦૨૫ પણ દેશના પ્રથમ સહકાર મંત્રી અમિતભાઈ શાહે તાજેતરમાં જાહેર કરી છે.

આ નીતિની વિશેષતાઓ પ્રસ્તુત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, દરેક નાગરિકને સહકારી આંદોલન સાથે વધુમાં વધુ જોડવા સાથો સાથ ૨૦૩૪ સુધીમાં જી.ડી.પી.માં સહકાર ક્ષેત્રનું યોગદાન ત્રણ ગણું વધારવાનું લક્ષ્ય સહકાર નીતિમાં રાખવામાં આવ્યું છે. સહકારી સંસ્થાઓની સંખ્યા ૩૦ ટકા જેટલી વધારવી અને દરેક ગ્રામ પંચાયતમાં ઓછામાં ઓછી એક સહકારી સોસાયટી બનાવવાનો વિચાર પણ આ નીતિમાં સમાવિષ્ટ છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ આ વર્ષ સરદાર પટેલની જન્મ જયંતીનું ૧૫૦મું વર્ષ છે અને સરદાર સાહેબે ત્રિભુવનદાસ પટેલના સહયોગથી સહકારિતાનું ફલક વિકસાવ્યું છે તેનું સ્મરણ કરતાં સહકારી ક્ષેત્રે તાલીમબદ્ધ મેનપાવરની ઉપલબ્ધી માટે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપનાના વડાપ્રધાનશ્રીના દીર્ઘ દ્રષ્ટિ પૂર્ણ અભિગમને બિરદાવ્યો હતો.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનએ વિકસિત ભારત ૨૦૪૭નો જે સંકલ્પ આપ્યો છે તે પહેલાં ગુજરાત માટે તો રાજ્યની સ્થાપનાના ૭૫ વર્ષનો અવસર ૨૦૩૫માં આવવાનો છે. આ બેય અવસરો ગુજરાતના સહકારી ક્ષેત્ર માટે આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલનું દિશાદર્શન કરીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણના અવસરો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

### મોબાઈલ ફોનમાં પાંચ જેટલી એપ્લીકેશન રાખી તેના ઉપયોગથી આચરાતું હતું કારસ્તાન

# હરતા ફરતા કોલ સેન્ટરથી વિદેશી નાગરિકો સાથે ફ્રોડ

## પોલીસના હાથમાં એક ગઠીયાો આવી જતાં ચોંકાવનારી વિગતો ખુલીઃ બાકીના ત્રણની શોધખોળઃ લોન અપાવવાના નામે પ્રોસેસીંગ ફી પેટે પચાસથી માંડી બસ્સો ડોલર પડાવી લેવાતા હતાં



રાજકોટ, તા. ૨૦

ગઠીયાઓ ગમે તેમ કરીને ગમે તેને છેતરી લેતા હોય છે. વધુ એક વખત કોલ સેન્ટરના નામે વિદેશી નાગરિકોને છેતરી લેવાના કારસ્તાનનો પર્દાફાશ થયો છે. લોનની લાલચ આપી ડોલર પડાવી લેવાનું કૌભાંડ ખુલ્યું છે. પોલીસે હરતુ ફરતુ કોલ સેન્ટર પકડી લઇ એક શખ્સને દબોચી લીધો છે. બીજા ત્રણ ભાગી ગયા હોઇ તેની શોધખોળ થઇ રહી છે. મોબાઇલ ફોનમાં પાંચ જેટલી એપ્લીકેશન ઇન્સ્ટોલ કરી ખાસ કરીને અમેરિકન નાગરિકોને કોલ કરી લોન આપવાની લાલચ દઇ પ્રોસેસ ફીના નામે તેમની પાસેથી ડોલર પડાવવામાં આવતાં હતાં.

વિગતો પર નજર કરીએ તો વસ્ત્રાલમાં જાહેરે રોડ ઉપર બેસીને અમેરિકા સહિત વિદેશી નાગરિકોને ઓછા વ્યાજે પર્સનલ લોન આપવાની લાલચ આપીને રૂપિયા પડાવતું હતું હરતું ફરતું કોલ સેન્ટર પોલીસે પકડી પાડ્યુ છે. મોબાઈલ ફોનમાં અલગ અગલ એપ્લીકેશન ઇન્સ્ટોલ કરીને વિદેશી નાગરિકોને ફોન કરીને ફાઇનાન્સ કંપનીમાંથી બોલીએ છીએ, ઓછા વ્યાજદરે પર્સનલ લોન આપવાની લાલચ આપતા હતા અને પ્રોસેસિંગ ફીના પેટે પચાસથી માંડી બસ્સો ડોલર પડાવતા હતા. તેમજ વોલમાર્ટમાંથી લોનનું કાર્ડ મળી જશે કહીને ઠગાઈ કરતા હતા. આ બનાવ અંગે રામોલ પોલીસે ચાર આરોપી સામે ગુનો નોધીને એક આરોપીની ધરપકડ વધુ તપાસ હાથ ધરી છે.

આ મામલે પોલીસ સુત્રોએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે રામોલ પોલીસ પેટ્રોલિંગમાંહતી ત્યારે ચોક્કસ બાતમી આધારે વસ્ત્રાલમાં મહાદેવનગર પાસે દુર્ગાપાર્ક સોસાયટીના નાકે એક યુવક મોબાઇલમાં અલગ અલગ એપ્લીકેશનનો ઉપયોગ કરીને -ફેશનલ કોલર અને ક્લોઝર બનીને વિદેશી નાગરિકોને લોન આપવાના બહાને છેતરે છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવીને યુવકને ઝડપીને તેનો મોબાઇલ ફોન ચેક કરતા તેના ત્રણ મિત્રો સાથે મળીને જાહેરમાં કોલ સેન્ટર ચલાવતા હતા જ્યારે મોબાઈલ ફોનમાં અલગ અલગ પાંચથી વધુ એપ્લીકેશનો ઇન્સ્ટોલ કરીને અમેરિકાના સહિત વિદેશી નાગરિકોને ઓછા વ્યાજે લોન આપવાની લાલચ આપીને પ્રોસેસ ફી પેટ પાંચસો જેટલા ડોલરમાં રૂપિયા પડાવતો હતા તેમજ વોલમાર્ટમાંથી લોનનું કાર્ડ મળી રહેશે તેમ કહીને કોલ કાપી નાંખતા હતા.

હાલ એક શખ્સ હાથમાં આવ્યો છે. બાકીના ત્રણના નામ ખુલ્યા છે. અન્ય કોણ કોણ સામેલ છે? અત્યાર સુધીમાં કેટલાક વિદેશી નાગરિકો સાથે ફ્રોડ કર્યુ છે? કેટલી રકમની ઠગાઇ કરી છે? આ સહિતની વિગતો સામે આવે છે. વર્ષો પહેલા આવુ જ એક કારસ્તાના રાજકોટ એસઓજીએ રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસેના કોમ્પલેક્ષમાંથી પકડ્યું હતું. જેમાં યુવક-યુવતિઓને મોટા પગારે નોકરીએ રાખી વિદેશીઓને લોનની લાલચ આપી આ રીતે પૈસા પડાવવામાં આવતાં હતાં. કડકડાટ અંગ્રેજી બોલતા આવડતું હોઇ તેને વધુ પગાર અપાતો હતો. એ કારસ્તાનમાં સાતેક શખ્સોની ટોળકીઓ ઝડપાઇ હતી, જેમાં યુવતિઓ પણ સામેલ હતી.

### બાળાઓ, સગીરાઓ, યુવતિઓ તો ઠીક ઘણીવાર બાળકો પણ બને છે શિકાર

# બાળક સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય આચરી વિડીયો બનાવ્યો

## ત્રણ સગીરોએ અગીયાર વર્ષના બાળક સાથે બળજબરી આચરી અને ચોથાએ મોબાઇલમાં કરી કરતૂતોને રેકોર્ડઃ પોલીસે ફરિયાદી બનીને કરી કાર્યવાહી

રાજકોટ તા. ૨૦

વિકૃત હવસખોરો કેવા કેવા કરતૂતો આચરતા હોય છે તેના પુરાવા આપતી ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. થોડા સમય પહેલા એક શખસ ગાય સાથે અજુગુત કરતો ઝડપાઇ ગયો હતો. બાળાઓ, યુવતિઓ, સગીરાઓ અને પરિણીતાઓ તો અવાર-નવાર શિકાર બને જ છે પણ ઘણીવાર શૈતાનો બાળકોને પણ હવસખોરીનો શિકાર બનાવી લેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં અગીયાર વર્ષના બાળક સાથે સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય આચરી તેનો વિડીયો પણ બનાવાયો હતો. ચોંકાવનારી વાત એ છે કે ચાર આરોપીઓ પણ સગીરવયના છે! બીજી ઘટનામાં હવસખોર બનેવીએ કૌટુંબી સાળીને ધમકાવી વારંવાર બળાત્કાર ગુજારી લેતાં તેણી ગર્ભવતી થઇ ગઇ હતી.

પ્રથમ ચોંકાવનારી અને લાલબત્તી સમાન ઘટના જોઇએ તો જામનગરમાં અગીયાર વર્ષના સગીર બાળક સાથે સૃષ્ટીવિરૂધ્ધનું કૃત્ય આચરીને વિડીયો બનાવ્યાની ચાર બાળ આરોપીઓ સામે ગુનો નોંધીને પોલીસે ધરપકડ માટેની તજવીજ હાથ ધરતા શહેરમાં તેમજ સમાજમાં ભળભળાટ મચી જવા પામ્યો છે. પોલીસે વિડીયોના આધારે ખુદ ફરિયાદી બનીને ઉંડાણ પુર્વકની તપાસ હાથ ધરી છે. શહેરના બડેશ્વર વિસ્તારમાં રહેતા અગીયાર વર્ષના સગીરને એક આરોપી સગીરના ઘરે બોલાવીને ત્રણ સગીર આરોપીઓએ સૃષ્ટીવિરૂધ્ધનું કૃત્ય આચર્યુ હતું અને એક એક સગીર આરોપીએ મોબાઈલમાં વિડીયો બનાવ્યો હતો.

આ પછી ભોગ બનનાર સગીરની માતા સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશને પહોંચી હતી અને તમામ રજુઆત કર્યા બાદ ફરિયાદ નોંધાવી ન હતી અને પોલીસે બે દિવસ સમજાવ્યા બાદ પણ ફરિયાદ ન નોંધાવતા પીઆઈ પી.પી.ઝાએ ચાઈલ્ડ વેલફેર કમિટીને પત્ર લખીને સરકાર તરફે ફરિયાદ કરવા માર્ગદર્શન મંગાયું હતું. ત્યારબાદ મહિલા પીએસઆઈ કે.એન.જાડેજાએ વિડીયોના આધારે ચાર સગીર આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી અને ભોગ બનનાર સગીરની મેડીકલ તપાસણી માટે માતાને જણાવતા તેણીએ ના પાડી દીધી હતી અને અમારે



**બીજી ઘટનામાં હવસખોર બનેવીના સતત બળાત્કારને કારણે સાળી બની ગઇ ગર્ભવતી**

સમાજ લેવલે સમાધાન થઈ ગયું છે અને આ બાબતે અમારે ઘરે ન આવતાં. જેથી પોલીસે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીને જાણ કરીને ગુનાની ગંભીરતા અંગે ભોગ બનનાર પરિવારનું કાઉન્સેલીંગ કરી સમજાવવા પત્ર લખ્યો હતો.પરંતુ માતાએ કોઈ કાર્યવાહી કરવી ન હોવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

ત્યારબાદ આ ગુનાની તપાસ કરતા પોલીસ ઈન્સ્પેક્ટર ઝા તેમજ પીએસઆઇ કે.એન. જાડેજાએ વિડીયોના આધારે બનાવ સ્થળ સગીર બાળ આરોપીના ઘરનું સરકારી પંચોની રૂબરૂમાં પંચનામું કર્યુ હતું. જે બાદ પોલીસે બે બાળ આરોપીઓના પરિવારજનોના નિવેદનો લીધા છે અને એક આરોપી બીજા શહેરનો હોવાથી તેનું નિવેદન બાકી છે. બાળકો સામે કાર્યવાહી કરી બાળ અદાલતના હવાલે કરવા તજવીજ થશે. ભોગ બનનાર સગીરની માતાએ પોલીસને જાણ કર્યા બાદ ફરિયાદ કરવાનો ઈન્કાર કર્યો હતો અને આરોપીઓ અમારા સગા જ હોય અને સમાજના આગેવાનોની મધ્યસ્થિથી સમાધાન થઇ ગયું છે અને હવે અમારે કોઈ ફરિયાદ નોંધાવી ન હોવાનું પોલીસને જણાવી દીધું હતું.

બીજી ઘટના સુરેન્દ્રનગરમાં બની છે. મધ્યપ્રદેશથી ખેતમજૂરી માટે દસાડા તાલુકામાં આવેલા પરિવારની ચોવીસ વર્ષીય યુવતી સાથે કૌટુંબિક બનેવીએ દુષ્કર્મ આચર્યું છે. આરોપી સુરેશ નાયકે રાત્રે યુવતીના ખાટલામાં જઈ મોઢે રૂમાલ દબાવી જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યું હતું. આરોપી બનેવી યુવતીને તેના ભાઈને મારી નાખવાની ધમકી આપી વારંવાર દુષ્કર્મ આચરતો હતો. પરિવાર હોળી-ધુળેટી દરમિયાન વતન ગયા બાદ હળવદ તાલુકામાં મજૂરી કામે ગયો હતો. દરમિયાન હાલમાં જ હળવદ સરકારી દવાખાનામાં તપાસ દરમિયાન યુવતીને નવ માસનો ગર્ભ હોવાનું જાણવા મળ્યું હતું. પેટમાં દુખાવો થતાં યુવતીને સારવાર માટે પહેલા સુરેન્દ્રનગર અને પછી રાજકોટ ખસેડવામાં આવી હતી. પીડિતાએ બજાણા પોલીસ મથકમાં આરોપી સુરેશ નાયક વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. કેસની વધુ તપાસ બજાણા પોલીસ મથકના પોલીસ ઈન્સપેક્ટર એમ.બી.બામ્બા કરી રહ્યા છે. આમ બે આવા બનાવ સામે આવ્યા હતા. જેમાં એકમાં એક બાળક સગીરોની હવસખોરીનો શિકાર બન્યો હતો તો બીજામાં એક યુવતિ બનેવીની હવસખોરીને કારણે સગર્ભા થઇ ગઇ હતી.

# ‘નેશનલ સ્પોર્ટસ ડે’ નિમિત્તે ૨૯ થી ૩૧ ઓગસ્ટ સુધી રમતોત્સવ

## ત્રણ દિવસ સુધી રમત-ગમતને લગતા વિવિધ કાર્યક્રમો યોજાશે



રાજકોટ, તા. ૨૦

હોકીના જાદુગર મેજર ધ્યાનચંદનો જન્મદિવસ ૨૯ ઓગસ્ટ સમગ્ર દેશમાં ‘નેશનલ સ્પોર્ટસ ડે’ તરીકે મનાવાય છે, ત્યારે દેશભરની સાથે રાજકોટ જિલ્લામાં ૨૯થી ૩૧ ઓગસ્ટ - ત્રણ દિવસ સુધી ‘રમતોત્સવ’ સહિત વિશિષ્ટ ઉજવણીનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

લોકોમાં રમત-ગમત પ્રત્યે રૂચિ વધે, સ્પર્ધાના માધ્યમથી સ્પોર્ટ્સ કલ્ચર ઊભું થાય, ખેલાડીઓને શાળા-કોલેજ-ગામથી આગળ વધીને રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે રમત ક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહન મળે તેમજ તંદુરસ્તી સારી રહે તેવો હેતુ આ આયોજનનો છે. જે અંતર્ગત એથ્લેટિક્સની વિવિધ રમતો, પરંપરાગત રમતો ઉપરાંત જાગૃતિ રેલી, ચિત્ર-નિબંધ સ્પર્ધા સહિતની પ્રવૃત્તિઓનું પણ આયોજન વિચારવામાં આવ્યું છે. રાજકોટ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીની કચેરીની યાદીમાં જણાવાયા અનુસાર, નેશનલ સ્પોર્ટસ ડે-૨૦૨૫ નિમિત્તે ‘મેજર ધ્યાનચંદ જન્મ દિવસ-સ્પોર્ટસ અવેરનેસ સેલિબ્રેશન-૨૦૨૫’ અંતર્ગત ત્રણ દિવસ સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે.

જેમાં ૨૯મી ઓગસ્ટ સ્થાનિક પરંપરાગત રમત દિવસ તરીકે મનાવાશે. રાજકોટમાં તેનો મુખ્ય કાર્યક્રમ મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ, રેસકોર્સ ખાતે યોજાશે. ઉપરાંત જિલ્લાની શાળાઓ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને જિલ્લા સ્તરે રમત સ્પર્ધા અને પ્રદર્શન મેચનું આયોજન કરવામાં આવશે. ૩૦મી ઓગસ્ટ વર્કશોપ અને કોન્ફરન્સ દિવસ તરીકેનો રહેશે. જેમાં જિલ્લાની શાળાઓ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, તમામ નગર તથા જિલ્લા સ્તરે વિવિધ કાર્યક્રમો થશે. જેમાં રમત-ગમત પ્રત્યે જાગૃતિ, ફિટનેસ, હેલ્થ અને સ્પોર્ટસ કરિયર વિશે માર્ગદર્શન, રમત અંગે ચિત્ર-સ્પર્ધા, નિબંધ લેખન, ખેલાડીઓ અને શિક્ષકો વચ્ચે વાર્તાલાપ જેવા કાર્યક્રમોનું આયોજન થશે.

૩૦મી ઓગસ્ટે રેસકોર્સ રિંગરોડ ખાતે, સવારે ૭ કલાકથી ભવ્ય સાયકલ રેલી યોજવામાં આવશે. જેમાં જિલ્લાની વિવિધ શાળાઓ, શિક્ષકો, કોલેજો, સ્પોર્ટસ ક્લબ, સાયકલિસ્ટ, એન.જી.ઓ., યોગબોર્ડ, પોલીસ જવાનો, ફાયરબ્રિગેડ સ્ટાફ, વિવિધ કર્મચારીઓ, રમતવીરો, નાગરિકો ભાગ લે તેવું આયોજન છે. દરમિયાન સાયકલ રેલીના રૂટ પર જાગૃતિ સંદેશા સાથેના બેનર, પોસ્ટર, સ્લોગન વગેરે દર્શાવાશે. આ ત્રિદિવસીય આયોજન માટે વિવિધ સ્તરે સૂચનાઓ પણ જારી કરવામાં આવી છે.

### દેવભૂમી દ્વારકા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ ઇંચ વરસાદ : રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૭૧ ટકાથી વધુ

# સૌરાષ્ટ્રના દરીયાકાંઠાના જિલ્લાઓમાં મૂશળધાર વરસાદ

## જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં ૪ કલાકમાં ૧૦ ઇંચ જેટલો વરસાદ વરસ્યો

રાજકોટ, તા. ૨૦

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના દરીયાકાંઠાના જિલ્લાઓમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન શ્રીકાર વરસાદ નોંધાયો છે. છેલ્લાં ૨૪ કલાક દરમિયાન દેવભૂમી દ્વારકા જિલ્લામાં રાજ્યનો સૌથી વધુ સરેરાશ ૧૧ ઇંચ વરસાદ નોંધાયો છે. જેમાં કલ્યાણપુર તાલુકામાં રાજ્યનો સૌથી વધુ ૧૦.૭૫ ઇંચ તથા દ્વારકા તાલુકામાં ૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જયારે પોરબંદર તાલુકામાં ૪ ઈંચ જેટલો, માંગરોળ તાલુકામાં ૩.૭૪ ઈંચ, સુત્રાપાડા તાલુકામાં ૩.૩૫ ઈંચ, જાફરાબાદ તાલુકામાં ૩૦૭ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત ગઈકાલે સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં માત્ર ૪ કલાકમાં જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં ૧૦ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જુનાગઢના વંથલીમાં ૫ ઈંચથી વધુ તથા કેશોદમાં ૪ ઈંચથી વધુ



વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ભાવનગર જિલ્લાના મહુઆ તાલુકામાં ૪.૭૬ ઈંચ તથા ગીર સોમનાથના તલાલા તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

રાજ્યના ડેમની સ્થિતી અંગે વાત કરીએ તો, રાજ્યની જીવાદોરી સમાન નર્મદા નદીના સરદાર સરોવર ડેમમાં હાલ ૨૬,૦૧૭૪ એમ.સી.એફ.ટી.જળસંગ્રહ થયો છે. સરદાર સરોવર ડેમ હાલ ૭૭.૮૮ ટકા ભરાયો છે. સરદાર સરોવર સિવાયના રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૪,૧૫,૫૩૭ એમ.સી.એફ.ટી. જળસંગ્રહ થયો છે.જે કુલ સંગ્રહ ક્ષમતાના ૭૪.૪૮ ટકા છે.

રાજ્યમાં હાલ ૬૪ ડેમને હાઈ એલર્ટ, ૨૯ ડેમને એલર્ટ તથા ૨૧ ડેમને વોર્નીગ આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ ગઈકાલે તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સવારે ૬.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૭૧ ટકાથી વધુ નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૭૫ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૭૩ ટકાથી વધુ, ઉત્તર ગુજરાત ઝોનમાં ૭૨ ટકાથી વધુ, મધ્ય-પૂર્વ ગુજરાત ઝોનમાં ૬૯.૯૨ ટકા તેમજ સૌરાષ્ટ્ર ઝોનમાં સૌથી ઓછો ૬૯.૦૬ ટકા જેટલો વરસાદ નોંધાયો છે.

# રિક્ષાચાલક પરિવાર સાથે ફરવા ગયા અને રેઢા ઘરમાંથી થઇ ગઇ નેવ્યાસી હજારની ચોરી

## મનહરપ્લોટની ઘટનાઃ દરવાજો બંધ થતો ન હોઇ ઠાલો દીધો હતોઃ ચોરે કબાટ, તિજોરી તોડી રોકડ, દાગીના ઉસેડી લીધા

રાજકોટ, તા. ૨૦

તસ્કરીયાઓએ રેઢા ઘરોમાં ત્રાટકવાનું યથાવત રાખ્યું છે. મનહરપ્લોટમાં રહેતાં રિક્ષાચાલક પરિવારજનોને લઇ રતનપર મેળામાં ફરવા ગયા બાદ તેમના રેઢા મકાનને નિશાન બનાવી ચોર ધોળે દિવસે રોકડ-દાગીના ચોરી ગયા હતા. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે મનહરપ્લોટ-૧૩ કટારીયા ટ્રાન્સપોર્ટ સામે રહેતાં બાવન વર્ષના હસમુખભાઇ ભીખુભાઇ ઝરીયાની ફરિયાદ પરથી ચોરીનો ગુનો દાખલ કર્યો હતો. હસમુખભાઇ ઝરીયા રિક્ષા



ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું. સત્તરમીએ અમારે મળામાં ફરવા જવું હોઇ બપોરે મારા પત્નિ ગીતાબેને કબાટમાં કપડા મુકી અંદર તિજોરીમાં ઘરેણા મુયા હતાં.

ત્યારબાદ કબાટ-તિજોરી લોક કરીને અમે ઘરનો દરવાજો બંધ થતો ન હોઇ આડો કરી રિક્ષા લઇને મોરબી રોડ પર રતનપર ગામે મેળામાં ગયા હતાં. બાદમાં સાંજે છએક વાગ્યે પરત ઘરે આવ્યા ત્યારે મારા પત્નિ કબાટમાં કપડા મુકવા જતાં કબાટ ખુલ્લો જોવા મળ્યો હતો અને તિજોરી પણ તૂટેલી હતી. અંદર તપાસ કરતાં તિજોરીમાં નાની સ્ટીલની પેટીમાં રાખેલા સોનાની બે જોડી બુટી, ચાંદીના સાંકળ, જૂડો, લક્કી, રોકડા ૧૦ હજાર મળી કુલ રૂા. ૮૯૦૦૦ની મત્તા ગાયબ હતી. કોઇ અમારા ઘરમાં ઘુસી કબાટ તિજોરી તોડી આ માલમત્તા ચોરી ગયું હોઇ ઘરેમળે તપાસ કર્યા બાદ પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં હસમુખભાઇએ કહેતાં પોલીસ ઇન્સપેક્ટર બી. વી. બોરીસાગરની રાહબરીમાં હેડકોન્સ. એલ. એ. જતાપરાએ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. ચોરનું પગેરૂ મેળવવા ડી. સ્ટાફની ટીમ અને એલસીબીની ટીમ કામે લાગી હતી.

### રૈયાધારના યુવાનને જુના મનદુઃખને લીધે રિક્ષાવાળાએ ફોન કરી કહ્યું-તમને પૈસાની હવા છે, હવે તો છરીના ઘોદા જ મારવા છે અને ખોટા કેસમાં બે’ય ભાઇને ફસાવી દેવા છે

# એટ્રોસીટીના નામે ધમકીઃ સમાધાન કરવું હોય તો પૈસા દેવા જ પડશે!

## કોર્પોરેશનના વોર્ડ-૧માં નોકરી કરતા યુવાને ગભરાઇને યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી

રાજકોટ, તા. ૨૦

શહેરમાં લુખ્ખાગીરી, આવારગર્દી અને કાયદાની ઐસી તૈસી કરવાના કિસ્સા સતત સામે આવતા રહે છે. વધુ એક બનાવમાં રૈયાધારમાં રહેતાં રિક્ષાચાલક શખ્સે પૈસા મામલે એક યુવાન સાથે બોલાચાલી કરી હોઇ તેના મનદુઃખનો ખાર રાખી આ યુવાનના નાના ભાઇને નિશાન બનાવી તેને ફોન કરી છરીના ઘોદા મારી દેવાની, એટ્રોસીટીમાં ફસાવી દેવાની અને સમાધાન કરવું હોય તો પૈસા આપવા પડશે તેમ કહી ધમકીઓ આપતાં યુવાને પોલીસને જાણ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો યુનિવર્સિટી પોલીસે રૈયાધાર રાધેશ્યામ ગૌશાળાની બાજુમાં રહેતાં ચોવીસ વર્ષના રોહિત મેરાભાઇ જોગરાણાની ફરિયાદ પરથી રૈયાધારમાં જ રહેતાં કરણ નિતીનભાઇ મકવાણા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. રોહિત પરિવાર સાથે રહે છે અને કોર્પોરેશન વોર્ડ નં. ૧માં કામ કરે છે. તેણે જણાવ્યું હતું કે અગાઉ મારા ભાઇ ગોપાલભાઇને કરણ મકવાણા સાથે પૈસા બાબતે માથાકુટ થઇ હોઇ મનદુઃખ ચાલતું હતું. ગત છઠ્ઠી તારીખ સાંજે સાતેક વાગ્યે હું અને મારો ભાઇ ગોપાલભાઇ તથા મિત્રો રૈયાધાર પાણીના ટાંકાની બાજુના રોડ પર મોબાઇ પાન પાસે ઉભા હતાં અને જન્માષ્ટમી તહેવારની ઉજવણીનું આયોજન કરતાં હતાં ત્યારે કરણ ત્યાં રિક્ષા લઇને આવ્યો હતો.

ત્યારબાદ કરણ મોમાઇ પાનમાંથી ફાકી લેવા ગયો હતો. આથી હું ત્યાંથી નીકળી ગયો હતો અને આગળ રોડ પર ઉભો રહ્યો હતો. બાદમાં મોમાઇ પાનવાળા સતિષભાઇનો મને ફોન આવ્યો હતો કે કરણ મકવાણા અત્યારે મારી દુકાને આવ્યોહ તો



અને તે તારુ નામ તથા તારા ભાઇ ગોપાલભાઇનું નામ લઇને કહેતો હતો કે-રોહિત અને ગોપાલ ઉપર એટ્રોસીટીની ખોટી ફરિયાદ કરી છે, અને મારી પત્નિને સાથે લઇ જઇ છેડતીનો કેસ પણ કરાવવો છે. આવી વાતો કરી તે ઉગ્ર થઇ નીકળી ગયો છે. આ પછી થોડીવાર બાદ કરણે મને ફોન કર્યો હતો અને તમને પૈસાની બહુ હવા આવી ગઇ છે, હવે તમારી સાથે સમજી લેવુ છે કહી ગાળો દીધી હતી અને મને કહેલુ કે તું અત્યારે મને ભેગો થા એટલે તને છરીના ઘોદા મારી દેવા છે, તારા ઉપર હવે એટ્રોસીટી કરી ફીટ જ કરાવી દેવો છે તેવી ધમકી પણ આપી હતી. આથી મેં તેને શાંત થવા અને રૂબરૂ મળવા વાત કરવા કહ્યું હતું.

બીજા દિવસે કરણે ફરીથી મને ફોન કરી તું ક્યાં છો? કહેતાં મેં કોર્પોરેશન ખાતે પગાર લેવા જાઉ છું, થોડીવારમાં આવીને આપણે સમાધાન કરી લઇએ તેમ કહેતાં કરણે હવે સમાધાન કરવું હોય તો તારે મને પગારના રૂપિયા આપવા પડશે તો જ સમાધાન થશે, નહિતર તારા ઉપર અને તારા ભાઇ ઉપર હું એટ્રોસીટીની ફરિયાદ કરીશ. તેવી ધમકી આપી હતી. અગાઉ કરણે મારા ભાઇ ગોપાલભાઇ સાથે પૈસા મામલે માથાકુટ કરી હોઇ તેનો ખાર રાખી મને ફોન પર ગાળો દઇ છરીના ઘોદા મારી દેવાની અને એટ્રોસીટીમાં ફસાવી દેવાની ધમકી આપતાં ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં રોહિતે જણાવતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળં એએસઆઇ વી. ડી. ઝાલાએ એફઆઇઆર દાખલ કરી એટ્રોસીટીના નામે ધમકી દેનારા આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

### અમુક વિકૃતિયાઓ એવા હોય છે જેને બીજાને તકલીફ આપવામાં જ આવતી હોય છે મજા

# યાર્ડ પાસે ખાનગી બસો પર રંઢીયાના બેફામ ઘા: મુસાફરોમાં ભય

## એક સાથે ચાર બસો પર પાણકા આવતાં કાચ ફૂટ્યા: ટ્રાવેલ્સ સંચાલકોએ આજીડેમ પોલીસને જાણ કરતાં ટીખળીયાઓને શોધી કાઢવા તપાસનો ધમધમાટ: વારંવાર બને છે આવી ઘટના

રાજકોટ, તા. ૨૦

અમુક લોકો એવા વિકૃત દિમાગના હોય છે જેને બીજાને હેરાન કરવામાં મજા આવતી હોય છે. શહેરના જુના માર્કેટ યાર્ડ રોડ પર કેટલાક સમયથી આવા જ કોઇ તત્વો નિર્દોષ વાહનચાલકોને હેરાન પરેશાન કરી રહ્યા છે. મોટે ભાગે ખાનગી બસ અને ટ્રકના ચાલકોને આવા તત્વો નિશાન બનાવે છે. રાત્રીના સમયે બસ કે ટ્રક નીકળે અને જુના માર્કેટ યાર્ડ સામેના રોડ પર પહોંચે ત્યારે કોઇ અંધારામાંથી રંઢીયા-પાણકાના આડેધડ ઘા કરી કાચ ફોડી નાંખે છે. આવી ઘટના સોમવારે રાતે ફરીથી બની હતી. જેમાં એક સાથે પાંચ બસોને નિશાન બનાવી પાણકાના ઘા કરવામાં આવતાં ખાનગી બસોના કાચ ફુટ્યા હતાં અને મુસાફરોની સાથે સાથે ડ્રાઇવર ક્લીનર પણ ભયભીત થઇ ગયા હતાં. પોલીસ સુધી મામલો પહોંચતા તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના જુના માર્કેટ યાર્ડની સામેના રોડ પર રાત્રીના સવા દસ આસપાસ કોઇ અજાણ્યા શખ્સોએ અંધારામાંથી રોડ પરથી પસાર થઇ રહેલી ખાનગી ટ્રાવેલ્સની





ચાર બસો પર પાણકાના ઘા કરતાં આગળના કાચ ફુટી ગયા હતાં. એક બસમાં સાઇડના દરવાજાનો કાચ પણ ફુટી ગયો હતો. ઓચીંતા પથ્થરમારાને કારણે મુસાફરો, ડ્રાઇવર, ક્લીનરોમાં ભય ફેલાઇ ગયો હતો. આ અંગે આજીડેમ પોલીસને લેખિત ફરિયાદ અરજી આપવામાં આવતાં તપાસ શરૂ થઇ છે. વધુ માહિતી અનુસાર રાત્રીના દસથી સવા દસ વચ્ચે સોમનાથ, કેશોદ, મેંદરડા, રાજકોટથી સુરત જવા નકળેલી જય વૃજ ટ્રાવેલ્સ, દર્શન ટ્રાવેલ્સ, સંતકૃપા ટ્રાવેલ્સ અને જય જલારામ ટ્રાવેલ્સની લકઝરી બસો આજીડેમ ચોકડીથી ગ્રીનલેન્ડ ચોકડી તરફ આગળ વધી રહી હતી ત્યારે જુના માર્કેટ યાર્ડ નજીક પહોંચી તે વખતે ચારેય બસો પર રંઢીયાના ઘા આવતાં આગળના કાચ ફૂટ્યા હતાં.

આ ઉપરાંત એક બસમાં આગળના કાચ ઉપરાંત સાઇડનો દરવાજા પાસેનો કાચ પણ ફુટી જતાં ચાલકોએ બસ ઉભી રાખી દીધી હતી અને જે તરફથી પથ્થરના ઘા આવ્યા તે તરફ તપાસ કરી હતી. પણ અંધારામાં કોઇ નજરે ચડ્યું નહોતું. જય વૃજ ટ્રાવેલ્સના સંચાલક હિરેનભાઇ ગજેરાએ કહ્યું હતું કે છેલ્લા એકાદ મહિનાથી આવા બનાવ બની રહ્યા છે. જેમાં ખાનગી ટ્રાવેલ્સની બસો કે ટ્રક ઉપર આ રીતે કોઇ ટીખળીયાઓ કે તોફાની તત્વો અથવા તો નશાખોરો દ્વારા પથ્થરના ઘા થઇ રહ્યા છે. ક્યારેક આના કારણે બસ પલ્ટી પણ ખાઇ જાય તેવો ભય છે.

રાતે જે ચાર બસો પર પથ્થરના ઘા થયા તે તમામ મુસાફરોને લઇ સુરત જવા નીકળી હતી. પથ્થરમારાને કારણે બસ ઉભી રાખી દેવામાં આવતાં થોડો સમય ટ્રાફિક જામ થઇ ગયો હતો. આ અંગે આજીડેમ પોલીસને જાણ થતાં પીએસઆઇ વી. એમ. બરાલીયા સહિતે પહોંચી તપાસ કરી હતી. ટ્રાવેલ્સ સંચાલકે હાલ પુરતી અરજી આપી છે જેના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ તપાસ શરૂ કરવામાં આવી છે. બસ અને ટ્રકો પર પાણકાના ઘા કોણ કરે છે? તેનો ઇરાદો શું છે? આ સહિતની વિગતો પાણકાના ઘા કરનારા ઝડપાયા પછી બહાર આવશે. આવુ સતત એકાદ મહિનાથી થઇ રહ્યું હોઇ અને રાત્રીના સમયે જ પાણાવારી થતી હોઇ રાતે આ રસ્તેથી પસાર થતાં ખાનગી બસના ચાલકો પણ મુંજવણમાં મુકાઇ ગયા છે. સત્વરે આવા તત્વોને શોધી કાઢવા માંગણી કરવામાં આવી છે.

---

### બે અલગ અલગ છતાં સામ્યતા ધરાવતી આપઘાતની ઘટનાથી ચર્ચા

# સ્પામાં કામ કરતી યુવતિ અને અગાઉ કામ કરી ચુકેલા યુવાને ફાંસો ખાઇ દુનિયા છોડી

## યુવતિ રૈયા રોડ સુભાષનગરમાં રહેતી હતી: યુવાન ઇન્દિરા સર્કલ પાસે રહેતો હતો: બંનેમાં કારણ અકળ: બંને એકબીજાને ઓળખતા નહોતાં

રાજકોટ, તા. ૨૦

શહેરમાં બે અલગ અલગ સ્થળે એક સરખી આત્મહત્યાની ઘટના બની હતી. જેમાં એક યુવતિએ અને એક યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. યુવતિ પણ સ્પાની કર્મચારી હતી અને યુવાન પણ અગાઉ સ્પામાં કામ કરતો હતો. જો કે આ બંને ઘટનાને એકબીજા સાથે કોઇ સંબંધ નથી. બંને મૃતક એકબીજાથી પરિચીત પણ નહોતાં. જોગાનુજોગ તેમાં સામ્યતા સામે આવી હતી. બંને ઘટનામાં કારણ અકળ રહ્યા હોઇ પોલીસે તપાસ યથાવત રાખી હતી.

વિગતો જોઇએ તો શહેરના રૈયા રોડ પર સુભાષનગર સાઇબાબાના મંદિર પાસે રહેતી અને સ્પામાં કામ કરતી યુવતિએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. પુર્ણીમા સુરેન્દ્ર મહંતો નામની અઠ્ઠાવીસ વર્ષની યુવતિએ ઘરમાં પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી



લીધાની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. મયુરસિંહ જાડેજા સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ પુર્ણિમા મહંતો અહિ એકલી જ રહેતી હતી અને કોઇ સ્પામાં નોકરી કરતી હતી. તેણી મુળ આસામની વતની હોઇ તેના સગા સંબંધીઓને શોધી જાણ કરવા તજવીજ કરવામાં આવી છે. આપઘાતનું હાલ કોઇ કારણ બહાર આવ્યું નથી, ચિઠ્ઠી પણ મળી નથી. પોલીસે તપાસ યથાવત રાખી હતી.

બીજી આવી ઘટના યુનિવર્સિટી રોડ ઇન્દિરા સર્કલ પાસે કોમલ એપાર્ટમેન્ટની રૂમમાં બની હતી. અહિ રહેતાં નેપાળી યુવાન વીસ વર્ષના સંજય પ્રેમભાઇ ટમટાએ પાર્કિંગની રૂમમાં પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ થતાં ૧૦૮ પહાંચી હતી. પણ તેના તબિબે સંજયને મૃત જાહેર કરતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. આપઘાત કરનાર સંજય બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. પ્રાથમિક તપાસમાં ખુલ્યા અનુસાર અગાઉ સ્પામાં કામ કરતો હતો. હાલ બે મહિનાથી કામે જતો નહોતો. તેનો મોટો ભાઇ બહાર ગયો હતો. તે ઘરે આવ્યો ત્યારે નાનો ભાઇ સંજય લટકતો મળ્યો હતો. પોલીસે કારણ જાણવા તપાસ યથાવત રાખી છે.

---

### યુવાન પિતાને શોધવા નીકળ્યા બાદ ઘર પાછળની શેરીમાં ગયો, ત્યાં જાહેરમાં લઘુશંકા કરવા ઉભો રહ્યો ને જામી પડી

# શેરીમાં શું આવ્યો કહી લોકોએ યુવાનને ઠમઠોર્યો

## ઇંટ-પથ્થરના બેફામ ઘા કરતાં માથા, વાંસામાં ઇજાઓ : તેના પિતા અને ભાઇ પણ ઘાયલ થયા

## યુવાન બચવા માટે જે કારની પાછળ છુપાયો તેના કાચનો પણ ટોળકીએ બોલાવ્યો કચ્ચરઘાણ

રાજકોટ, તા. ૨૦

શહેરમાં કોણ ક્યારે કયા કારણોસર બાખડી પડે તે કહી શકાતું નથી. નહિ જેવી વાતે લોકો ધમાલ પર ઉતરી આવતા હોય છે. દરમિયાન નવા થોરાળા આંબેડકરનગરમાં રહેતો યુવાન તેના પિતા ઘર બહાર બેસવા ગયા બાદ આટો મારવા નીકળી ગયા હોઇ યુવાન તેને શોધવા નીકળ્યો ત્યારે પાછલી શેરીમાં પહોંચતા ત્યાં તે લઘુશંકા કરવા ઉભો રહી જતાં અહિ રહેતાં દેવીપૂજક પરિવારના મા-દિકરાએ અહિથી શું કામ નીકળ્યો? અહિ કેમ પેશાબ કરવા ઉભો? કહી માથાકુટ કર્યા બાદ આ પરિવારના બાર લોકોએ ટોળકી રચી યુવાનને ઠમઠોર્યો હતો. આ લોકોએ ઇંટ-પથ્થરના બેફામ ઘા કરતાં યુવાનને વાંસા, માથામાં ઇજાઓ થઇ હતી. એટલુ જ નહિ તે બચવા માટે જે કારની પાછળ સંતાયો એ કારના કાચનો પણ આ ટોળકીએ કચ્ચરઘાણ બોલાવી દીધો હતો!

આ ઘટના બારામાં વિગતો પર નજર કરીએ તો થોરાળા પોલીસે આ બનાવ અંગે નવા થોરાળા મેઇન રોડ પર ચારબાઇ માતાજીના મંદિર પાસે આંબેડકરનગર-૧માં રહેતાં ઓગણત્રીસ વર્ષના અજયભાઇ રાજેશભાઇ રાઠોડની ફરિયાદ પરથી સોનલ વિપુલ દેવીપૂજક, સુનિલ વિપુલ દેવીપૂજક, વિપુલ, વિપુલનો અન્ય એક દિકરો,



કાગડી, ભનાબેન કાગડી, સન્ની, તેજલ સન્ની, સન્નીનો દિકરો, મણીભાઇ, કાગડીનો મોટો દિકરો અને કાગડીનો બીજા નંબરનો મોટો દિકરો મળી ૧૨ જણા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી. અજયભાઇ રાઠોડે જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને નાઇટવેર સેલ્સમેન તરીકે નોકરી કરુ છું. અમે ત્રણ ભાઇઓ છીએ જેમાં સૌથી મોટો હું છું. મારાથી નાનો ઉત્તમ અને તેનાથી નાનો વિજય છે. મારા પિતાજી નિવૃત જીવન જીવે છે. મારે સંતાન નથી. અઢારમીએ સાંજે આઠેક વાગ્યે હું અને મારા પિતા રાજેશભાઇ ઘરની બહાર બેસવા ગયા હોઇ બાદમાં આટો મારવા નીકળી ગયા હોઇ હું તેમને શોધવા નીકળ્યો હતો.

અમારી પાછળની શેરીમાં પહોંચતા ત્યાં મને પેશાબ લાગતાં હું પેશાબ કરવા ઉભો રહી ગયો હતો. આ વખતે ત્યાં રહેતાં વિપુલ દેવીપૂજકની પત્નિ સોનલબેન અને તેનો દિકરો સુનિલ ત્યાં ઉભા હતાં. તેણે મને અહિ અમારી શેરીમાંથી શું કામ નીકળ્યો? અહિ શું કામ પેશાબ કરે છે? તેમ કહેતાં બોલાચાલી થઇ હતી. આથી મેં કહેલુ કે સાતમ-આઠમમાં તમારા છોકરાઓ બેફામ બાઇક લઇને નીકળે છે છતાં અમે તો કંઇ કહ્યું નથી. આથી આ મા દિકરો ઉશ્કેરાઇ ગયા હતાં અને સુનિલે છરી કાઢી મને બતાવી હતી. મેં માથાકુટ કરવાની ના પાડવા છતાં સુનિલે છરીનો ઘા મારતાં મેં તેને ધક્કો મારી દેતાં મને છાતી પાસે છરકો થઇ ગયો હતો. ત્યારબાદ આ બંનેએ મારી સાથે ઝપાઝપી કરી હતી. આ દરમિયાન વિપુલ, તેનો બીજો દિકરો, વિપુલનો ભાઇ કાગડી, કાગડીની પત્નિ ભાવના, કાગડીના બે દિકરા, વિપુલનો અન્ય એક ભાઇ સન્ની, સન્નની પત્નિ તેજલ, પુત્ર તેમજ વિપુલના પિતા મણીભાઇ એમ બધા ભેગા થઇ ગયા હતાં.

આ પછી આ બધા મને મારશે એવો ડર લાગતાં હું ભાગવા માંડતા આ બધા પાછળ આવ્યા હતાં અને ઇંટ-પથ્થરના ઘા કરવા માડતાં હું અમારા પડોશી પ્રકાશભાઇ પરમારની વેગનઆર કાર પાછળ છુપાઇ જતાં આ લોકોએ કારનો પાછળનો કાચ તોડી નાંખ્યો હતો. તેમજ ઇંટનો એક ઘા મને કપાળે આવી જતાં લોહી નીકળવા માંડ્યા હતાં. વાંસા, પીઠમાં પણ મને ઇંટ-પથ્થરનજા ઘા લાગી જતાં મુંઢ ઇજા થઇ હતી. આ વખતે મારો નાનો ભાઇ ઉત્તમ આવી જતાં તેને પણ ટોળામાંથી કોઇએ ઇંટ ફટકારી દીધી હતી અને કપાળે ઇજા થઇ હતી. ત્યાં મારા પિતા રાજેશભાઇ રાઠોડ આવતાં સુનિલ દેવીપૂજકે તેમને પણ છરીનો ઘા ડાબા ગાલ પર મારી દીધો હતો.

ત્યાં મારા કાકા રવિભાઇ તુલસીદાસ રાઠોડ અને મોટા બાપુ રમેશભાઇ રઘુરામભાઇ આવી જતાં તેમને પણ આ બધાએ ગાળો દીધી હતી. બાદમાં વિપુલે મારા મોટા બાપુ અને કાકાને કહેલુ કે હવે પછી તારા છોકરાઓ મળે એટલે છરીના ઘા ઝીકી દેવા છે. તેમ કહી આ બધા જતા રહ્યા હતાં. દરમિયાન કોઇએ ફોન કરતાં પોલીસની ગાડી આવી ગઇ હતી અને ૧૦૮ પણ આવી હતી. મને અને મારા પિતા તથા ભાઇ ઉત્તમને ઇજા થઇ હોઇ સારવાર માટે ખસેડાયા હતા. સારવાર બાદ રજા અપાયા પછી અમે ફરિયાદ કરી હતી. તેમ વધુમાં અજયભાઇએ કહેતાં થોરાળા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એન. જી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. ડી. એચ. વાળાએ ફરિયાદ દાખલ કરી બાર આરોપીઓને શોધી કાઢવા કાર્યવાહી કરી હતી.

---

### પેડક રોડના ઘરેથી દુકાને જતા હતાં ત્યારે ટુવ્હીરલ સહિત ઠોકરે આવી ગયા: વસોયા પરિવારમાં શોકની કાલીમા

# ટ્રક કાળ બન્યો : ફેબ્રીકેશનના ધંધાર્થીનું કમકમાટીભર્યુ મોત




રાજકોટ, તા. ૨૦

અવાર-નવાર શહેરમાં જીવલેણ વાહન અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે. વધુ એક પરિવારે આધારસ્તંભ ગુમાવ્યા છે. જેમાં જુના મોરબી રોડ પર જુના જકાતનાકા પાસે ટ્રકે બાઇકને ઉલાળી દેતાં બાઇકચાલક પેડક રોડ વિસ્તારના ફેબ્રીકેશનના ધંધાર્થીનું કમકમાટીભર્યુ મૃત્યુ થયું હતું.

વિગતો જોઇએ તો પેડક રોડ પર મારૂતિનગર સોસાયટીમાં રહેતાં પિસ્તાલીસ વર્ષના જીતેન્દ્રભાઇ લાલજીભાઇ વસોયા મોટરસાઇકલ હંકારીને જતાં હતાં ત્યારે મોરબી રોડ જુના જકાતનાકા પાસે ગિરીરાજ કોલ્ડ્રીંક્સ પાસે ટ્રકના ચાલકે ઠોકર મારતાં તેઓ બાઇક સહિત ફંગોળાઇ જતાં ગંભીર ઇજા થતાં ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ બી-ડિવીઝન પોલીસને કરી હતી. મૃતયુ પામનાર જીતેન્દ્રભાઇ બે ભાઇમાં મોટા હતાં અને ફેબ્રીકેશનનું કામ કરતાં હતાં. તેમને સંતાનમાં બે દિકરી છે. તેમની ફેબ્રીકેશન કામની દુકાન મોરબી રોડ પર જકાતનાકા પાસે હોઇ ત્યાં જઇ રહ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. પોલીસે ટ્રકચાલક વિરૂધ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી. મોભી ગુમાવી દેનારા વસોયા પરિવારમાં આ ઘટનાને પગલે કલ્પાંત સર્જાયો હતો.

# કુવાડવાના ખીજડીયામાં વાડીએ કરંટ લાગતાં ખેડૂતનું મોત

રાજકોટ, તા. ૨૦

જિંદગીની સફર ગમે ત્યારે ખતમ થઇ જતી હોય છે. કુવાડવા નજીકના ખીજડીયા ગામે રહેતાં દેવરાજભાઇ ચનાભાઇ જેસાણી નામના સતાવન વર્ષના ખેડૂત ગામમાં વાડીએ હતાં ત્યારે પાણીની મોટર ચાલુ કરવા જતાં વિજકરંટ લાગતાં બેભાન થઇ જતાં કાલાવડ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયોહતો. મૃત્યુ પામનાર દેવરાજભાઇ ત્રણ ભાઇ અને સાત બહેનમાં વચેટ હતાં અને ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા પોલીસને જાણ કરી કરતાં આકસ્મીક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

---

### કેનાલ રોડ ખોડીયાર ટી સ્ટોલે દિકરા સાથે ચા પીવા ઉભેલા સોરઠીયા પ્લોટના વૃધ્ધ સાથે હાથીખાનાના શખ્સની હાથાપાઇ, ગાળાગાળી

# વૃધ્ધ સામે ધીરૂ ધગી ગ્યો: મુછો ચડાવી મારમારી લૂગડા ફાડી નાંખ્યા

## તમને બહુ હવા આવી ગઇ છે તેવુ કહી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત પણ કર્યા: વૃધ્ધને દિકરાએ વધુ મારથી છોડાવ્યા: એ-ડિવીઝન પોલીસે નોંધી એટ્રોસીટી હેઠળ એફઆઇઆર

રાજકોટ, તા. ૨૦

અમુક શખ્સોને આદત હોય છે કે તેઓ જ્યાં જાય ત્યાં ડખ્ખા કરતાં હોય છે. અમુક તો સામેવાળાને કારણવગર છંછેડી મજા લેતાં હોય છે. પણ ઘણીવાર આવી વાત વણસી જાય ત્યારે કાયદાકીય કાર્યવાહી થતી હોય છે. આવી જ એ ઘટના કેનાલ રોડ પર ચાની હોટલે બની હતી. અહિ સોરઠીયા પ્લોટમાં રહેતાં વૃધ્ધ પોતાના દિકરા સાથે ચા પીવા ઉભા હતાં ત્યારે હાથીખાનાના ધીરૂ નામના શખ્સે કારણ વગર જ આ વૃધ્ધ સામે મુછો ચડાવતાં વૃધ્ધે તેને આવુ કરવાની ના પાડી દૂર જાવાનું કહેતાં આ ધીરૂ ધગી ગયોહ તો અને વૃધ્ધને અપમાનીત કરી મારામારી પર ઉતરી આવી તેમના લૂગડા-કપડા ફાડી નાખ્યા હતાં અને તમને બહુ હવા આવી ગઇ છે કહી ધમકી દઇ ભાગી ગયો હતો.

આ બનાવની વિગતો પર નજર કરીએ તો શહેરના જીલ્લા ગાર્ડન પાસે આવેલા સોરઠીયા પ્લોટમાં રહેતાં વૃધ્ધ કેનાલ રોડ પરથી નીકળ્યા ત્યારે ખોડીયાર ટી સ્ટોલ ખાતે તેનો દિકરો ચા પીવા ઉભો હોઇ પોતે પણ ત્યાં જતાં આ વખતે હાથીખાનાના શખ્સે આ વૃધ્ધ પાસે આવી તેની સામે મુછો ચડાવતાં વૃધ્ધે મારી સામે મુછો ન ચડાવો અને દૂર જાવ તેમ કહેતાં આ શખ્સે તેમને બોવ હવા આવી ગઇ છે કહી ગાળો દઇ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ઝપાઝપી કરતાં ટોળા એકઠા થઇ જતાં ડખ્ખો કરનારો આ શખ્સ ભાંગી નીકળ્યો હતો. ઘટનાની જાણ થતાં એ-ડિવીઝન પોલીસે જીલ્લા ગાર્ડન ચોક સોરઠીયા પ્લોટ શેરી નં. ૩માં રહેતાં છાંસઠ વર્ષના મહેન્દ્રભાઇ જીવણભાઇ સરવૈયાની ફરિયાદ પરથી હાથીખાના રામનાથપરામાં રહેતાં ધીરૂ દેવાયતભાઇ હેરભા વિરૂધ્ધ મારામારી એટ્રોસીટી સહિતની કલમો હેઠળ એફઆઇઆર દાખલ કરી ધીરૂને ઝડપી લેવા



કાર્યવાહી કરી હતી.

પોલીસ સુત્રોમાંથી મળેલી વધુ વિગતો અનુસાર વૃધ્ધ મહેન્દ્રભાઇ સરવૈયાએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને નિવૃત જીવન જીવુ છું. મંગળવારે સાંજે પાંચક વાગ્યે હું મારુ એક્ટીવા નં. જીજે૦૩એફએમ-૯૪૪૦ હંકારીને ગુંદાવાડીમાં કપડા બદલવા ગયો હતો. કપડા બદલાવીને પરત ઘરે જતો હતો ત્યારે કેનાલ રોડ પર મહેશ ડેરી સામે આવેલ ખોડીયાર ટી સ્ટોલ ખાતે મારો દિકરો વિપુલ ચા પીતો હોઇ હું ત્યાં દિકરા પાસે ઉભો હતો. અહિ હું અવાર-નવાર ચા પીવા આવતો હોઉ અહિ હાથીખાનાનો ધીરૂ હેરભા પણ આવતો જતો હોઇ હું તેને ઓળખુ છું. હું અને મારો દિકરો ચા પીવા ઉભા હતાં ત્યારે ધીરૂએ મારી પાસે આવીને મુછો ચડાવી હતી.

આથી મેં આ ધીરૂને ભાઇ તું કેમ મારી સામે કારણવગર આવી મુછો ચડાવે છે, મને આ ગમતું નથું, તું મારી સામે મુછ ન ચડાવ અને મારાથી દૂર જતાં રહો તેમ કહેતાં ધીરૂભાઇ ધગી ગયો હતો , ખુબ જ ઉગ્ર થઇ ગયો હતો અને મારી સાથે મારામારી કરવા માંડ્યો હતો. તને બોવ હવા આવી ગઇ છે કહી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ગાળો દઇ ઢીકાપાટુ મારવા માંડ્યો હતો. મારી બોચી પકડી ઝપાઝપી કરી મારા કપડા પણ ફાડી નાખ્યા હતાં. આ વખતે મારા દિકરા વિપુલે વચ્ચે પડી મને વધુ મારથી છોડાવ્યો હતો. માણસો ભેગા થઇ જતાં ધીરૂ હેરભા ત્યાંથી ભાગી ગયો હતો. બાદમાં હું અને મારો દિકરો પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં અને ફરિયાદ કરી હતી. આ ઘટનામાં એ-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર બી. વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળં એએસઆઇ આર. જી. ચૌહાણ ગુનો દાખલ કરતાં આગળની તપાસ એસીપીની રાહબરીમાં શરૂ કરવામાં આવી હતી.





### રાજકોટમાં ચાર ઇંચ થી વધુ વરસાદ ખાબક્યો : સીઝનનો કુલ ૨૮ ઇંચ વરસાદ

# લોકો માટે મેઘ મહેર, તંત્ર માટે કહેર

### શહેરના મુખ્ય માર્ગો પાણીમાં ગરક, એક તરફ લોકોમાં હેલી તો બીજી તરફ પાણી ભરાયેલા રસ્તાથી લોકો ત્રાહિમામ



રાજકોટ, તા. ૨૦

હાલ સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ ઉપર વરસાદી માહોલ જોવા મળ્યો છે કારણ કે વરસાદની સિસ્ટમ સક્રિય થઈ છે અને રાજકોટ વાસીઓ ખાસ જે વરસાદની રાહ જોતા હતા તેમના માટે હરખની હેલી પણ નજરે પડી છે ત્યારે ગઈકાલે સવારે ૧૧:૦૦ વાગ્યાથી વરસાદ અનરાધાર વરસ્યો હતો જે બપોરે બે વાગ્યા સુધી વરસ્યો અને કુલ ચાર ઇંચ જેટલો ખાબકી ગયો હોવાનું માલુ પડ્યું છે. મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડ કંટ્રોલરૂમમાં વેસ્ટ ઝોનમાં ૧૦૬ મીમી, સેન્ટ્રલ અને ઈસ્ટ ઝોનમાં ૩૬ વરસાદ બોપર સુધી નોંધાયો હતો.

મળતી માહિતી મુજબ મેઘરાજા રાજકોટના લોકો ઉપર જાણે મહેરબાન થયા હોય તેમ વરસાદ વરસ્યો હતો સવારથી જ વરસાદી માહોલ વચ્ચે ૧૧ વાગ્યે ધોધમાર વરસાદ વરસવાનો શરૂ થયો અને ભારે વરસાદના કારણે રાજકોટના મુખ્ય માર્ગો પણ પાણીમાં ડૂબી ગયા હતા અને વાહન ચાલકોને ભારે મુશ્કેલીનો અને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સામે લોકોએ પણ વરસાદનો આનંદ માણ્યો. તો બીજી તરફ જે રસ્તાઓનું કામ ચાલુ છે તે રસ્તાઓ પર કાદવ કીચડ પણ જોવા મળ્યા અને મહાનગરપાલિકાની કામગીરીની પોલ પણ છતી થઈ ગઈ. હજુ પણ આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. મહાનગરપાલિકા ના ચોપડે જાકડા નોંધાયા છે તેમ મુજબ વેસ્ટ ઝોનમાં આવેલા રૈયા, મવડી સહિતના વિસ્તારોમાં ચાર ઇંચ પાણી વરસી જતા રસ્તાઓ પાણીમાં ગરક થઈ ગયા હતા અને ઘુંટણ સમા પાણી ભરાતા રાહદારીઓને હેરાનગતિનો સામનો પણ કરવો પડ્યો હતો. સીઝનના વરસાદની વાત કરવામાં આવે તો વેસ્ટ ઝોનમાં સૌથી ઓછો વરસાદ આજ દિન સુધી નોંધાયો હતો પરંતુ ગઈકાલે એક સાથે ચાર ઇંચ વરસાદ વરસતા જ વેસ્ટ ઝોન વિસ્તારના લોકોમાં એક અનેરી ખુશી અને રાજીપો જોવા મળ્યો પરંતુ સામે રોડ રસ્તાની કામગીરી નબળી થઈ હોવાના કારણે ભારે કાદવ કીચડ થયા હતા અને લોકોએ ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો.

રાજકોટમાં એક સાથે વરસાદ વરસ્યાની આ પ્રથમ ઘટના ચાલુ ચોમાસામાં જોવા મળી છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા જે આંકડાઓ રજૂ કરવામાં આવ્યા તેમાં સેન્ટ્રલ ઝોનમાં ૬૬૫ મીમી, ઈસ્ટ ઝોન માં ૫૧૮ મીમી, અને વેસ્ટ ઝોનમાં ૭૦૨મીમી વરસાદ નોંધાયો છે. ત્યારે સીઝનનો કુલ વરસાદ રાજકોટમાં ૨૬ ઇંચ જેટલો પડ્યો છે હજુ પણ. હાલ આ વખતે નિર્ધારિત વરસાદ ની ગણતરી જે કરવામાં આવી હતી તે મુજબનો વરસાદ હજુ સુધી વરસ્યો નથી અને લોકોને પાણીની ભારે મુશ્કેલી વેચવી પડી રહી છે પરંતુ સામે સૌની યોજનાનું પાણી સતત મળતું હોવાના કારણે પીવાના પાણીનો પ્રશ્ન હાલ રાજકોટના લોકોને સતાવશે નહીં પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિ ને ધ્યાને લેવામાં આવે તો અત્યારે વરસાદ માટે લોકો વલખા મારી રહ્યા છે.

મળતી માહિતી મુજબ રાજકોટમાં છેલ્લા ચાર દિવસથી ભારે બફારો અનુભવાતો હતો અને શહેરમાં માત્ર હળવા ઝાપટા જ પડતા હતા ત્યારે લોકોમાં પણ અપેક્ષા હતી કે નજીકના દિવસોમાં રાજકોટમાં ભારે વરસાદ વરસશે અને તેમને જે તકલીફ થઈ રહી છે તેનું નિવારણ આવશે જેમાં ગઈકાલે મેઘરાજાએ માત્ર ગણતરીની ત્રણ કલાકમાં મુશળધાર વરસાદ વરસાવી લોકોને આનંદિત કર્યા હતા.

## પ્રિમોન્સૂન કામગીરી માત્ર કાગળ પરની જ

મહાનગરપાલિકા દ્વારા ચોમાસુ પૂર્વે એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી હતી કે આ વખતે પ્રમોશન કામગીરી જે પ્રમાણે થઈ છે તેનાથી લોકોએ સહેજ પણ હેરાન થવું પડશે નહીં પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે પ્રીમોનસૂન કામગીરીની વાત કરવામાં આવે તો તે માત્ર કાગળ પરનીજ રહી. હાલ બે કલાકના વરસાદમાં રાજકોટના રોડ રસ્તાની સ્થિતિ અત્યંત બિસ્માર થઈ ગઈ. રાજકોટના રોડ રસ્તા ની ફરિયાદો પણ રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી સુધી પહોંચી હતી અને તેમના દ્વારા તાકીદે આ સમસ્યાનું નિવારણ કરવા માટે જણાવ્યું હતું અને ખાસ ડીએમસી કક્ષાના અધિકારીઓને ફિલ્ડ ઉપર રહેવા નો આદેશ પણ કર્યો હતો પરંતુ આ માત્રને માત્ર નામ પૂરતું જ કાર્ય થયું હોય તેવું પુરવાર થયું છે અને પ્રમોશન કામગીરીના કારણે મહાનગરપાલિકાની સાચી હકીકત પણ સામે આવી ચૂકી છે.

## જે રસ્તાઓ માત્ર નામ પૂરતા જ મરામત થયા તે જ સ્થળે ફરી ઊભા થશે પ્રશ્નો

જે રસ્તાઓ નું સમારકામ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું તે માત્રને માત્ર નામ પૂરતું જ રહ્યું કારણ કે ગઈકાલે જે વરસાદ વરસ્યો તેનાથી ઘણા ખરા રોડ રસ્તા ફરી પાણીમાં ગરક થઈ ગયા છે અને કાદવ કીચડનો પ્રશ્ન ઊભો થયો છે જ્યારે પાણી ઓશરે અને રોડ રસ્તા પાણીથી મુક્ત થાય ત્યારબાદ સાચી હકીકત સામે આવશે જે કામ જે કરવામાં આવ્યું તે માત્ર પૈસા વ્યય કરવા માટે જ થયું હોય તો પણ નવાઈ નહીં. લોકમુકે હાલ એ જ ચર્ચા થઈ રહી છે કે આ પ્રકારની બેદરકારી સુ કામ તંત્ર આચરી રહ્યું છે કેમ નકર આયોજન કે પછી કહી શકાય કે નક્કર વ્યવસ્થા પ્રમોશન માટે ઊભી કરવામાં આવતી નથી દર વખતે રાજકોટ એ હેરાન થવું જ પડે છે.





### કોઠારીયાના ગોકુલ પાર્કમાં રહેતો રિક્ષાચાલક યુવાન રખડતા કૂતરાઓને દિલ્હીમાંથી હાંકી કઢાશે તે વિડીયો જોયા બાદ ખુબ ગુસ્સે થયો હતોઃ ઉજ્જૈન જવાનું કહી દિલ્હી પહોંચી ગયો

# દિલ્હીના મુખ્યમંત્રીને ફડાકો મારી લેનાર રાજેશ જીવદયાપ્રેમી નીકળ્યો

### પોલીસે રાજેશના ઘરે પહોંચી તેના માતા-પિતા પાસેથી વિગતો મેળવીઃ રાજેશ શેરીના કૂતરા-ગાયોને ખુબ ચાહતો હોવાનું સ્વજનો-પડોશીઓનું કથન

રાજકોટ તા. ૨૦

શહેરના કોઠારીયા વિસ્તારના ગોકુલપાર્કમાં રહેતાં પટેલ યુવાને નવી દિલ્હી ખાતે જનસુનાવણી કાર્યક્રમમાં દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાને લાફો મારી લેતાં દેશભરમાં ચકચાર મચી ગઇ છે. આ યુવાન રાજકોટનો રાજેશ ખીમજીભાઇ સાકરીયા હોવાનું ખુલતાં અને તે કોઠારીયા રોડ વિસ્તારમાં રહેતો હોવાની માહિતી મળતાં આજીડેમ પોલીસ રાજેશના ઘરે પહોંચી હતી અને તેના પરિવારજનો પાસેથી વિગતો મેળવી હતી. સીએમને ફડાકો મારી લેનારા રાજેશના માતાએ કહ્યું હતું કે-મારો દિકરો રાજેશ પશુપ્રેમી છે, તેને પશુની હોસ્પિટલ કરવી છે. રખડતા કૂતરાઓનો દિલ્હીમાંથી પકડીને બહાર કાઢવામાં આવશે તેવો વિડીયો તેણે જોયો હતો. ત્યારે તેણે દુઃખી થઇ ઘરમાં જોર જોરથી સેટીમાં હાથ પછાડ્યા હતાં. આ વિડીયો જોઇને તે દુઃખી થયો હતો અને કદાચ આ કારણે દિલ્હી ગયો હશે. અમને તો તે ઉજ્જૈન દર્શન કરવા જવાનું કહીને ગયો હતો. તેણે મુખ્યમંત્રીને શું કામ મારી લીધું તેની અમને જાણ નથી.

ગઇકાલે બુધવારે દિલ્હીના મુખ્યમંત્રીને લાફો મારી લેનાર રાજેશ ખીમજીભાઇ સાકરીયા રાજકોટના કોઠારીયાના ગોકુલપાર્ક-૨માં રહે છે. તેના માતા ભાનુબેન ખીમજીભાઈ સાકરીયાએ જણાવ્યું હતું કે રાજેશ પશુ પ્રેમી છે, દિલ્લીમાં શેરીના રખડતા શ્વાન અંગેનો વિડીયો-સમાચાર તેણે જોયા હતાં આ વખતે તે શેટી પર બેઠો હોઇ ગુસ્સે થઇ શેટીમાં જોર જોરથી હાથ પછાડવા માંડ્યો હતો અને દુઃખી થઇ ગયો હતો. આ પછી તે ગયા રવિવારે ઉજ્જૈન દર્શન કરવા જવાનું કહીને નીકળ્યો હતો. તે મહાદેવનો ભક્ત હોઇ અવાર-નવાર ઉજ્જૈન જતો રહે છે. ગઈકાલે અમે ફોન કરતા રાજેશે હું દિલ્લી આવ્યો છું કુતરા માટે આવ્યો છું તેમ કહી ફોન કાપી નાંખ્યો હતો.

ભાનુબેને વધુમાં જણાવ્યું હતું કે મારો દિકરો કૂતરાનો પ્રેમી છે, ગાય અને ચકલાઓ પ્રત્યે પણ પ્રેમ છે. તે પશુ-પક્ષીઓની સેવાનું જ કામ કરે છે. ઘરમાં રોટલા પડ્યા હોય તો કૂતરા માટે લઈ જાય. મારો દિકરો પરણેલો છે અને તેને એક દિકરો છે. ભાનુબેને વધુમાં કહ્યું હતું કે દિકરો અગાઉ દારૂ પીવાની આદત ધરાવતો હતો. પણ પાંચ વર્ષથી મુકી દીધો છે અને તેનું મગજ તામસી થઇ ગયું છે, હાલમાં માનસિક તકલીફ પણ ધરાવે છે. તે ગમે ત્યારે ગુસ્સો થઇ જાય તો ઘરમાં અમને પણ મારકુટ કરી લેતો હોય છે. મારા દિકરો પશુ પ્રેમી છે તેને પશુની હોસ્પિટલ પણ બનાવવી છે આ માટે તે અલગ અલગ આગેવાનોને પણ મળતો હતો. તેમને પશુ હોસ્પિટલ રાજકોટમાં બનાવી છે તેવી વાતો પણ કરતો હતો. પડોશીએ કહ્યું હતું કે રાજેશ સાકરીયા પશુ પ્રેમી છે, પડોશમાં કોઇ સાથે માથાકુટ કરતાં નથી. પશુ પ્રેમના કારણે જ કદાચ તેણે દિલ્હી જઇને આમ કર્યુ હોઇ શકે.

વધુમાં જાણવા મળ્યા અુનસાર સીએમને લાફો મારી દેનારો રાજેશ સાકરીયા પોતે રિક્ષાચાલક છે અને તેના પિતા તથા ભાઇ પણ રિક્ષા હકારે છે. પત્નિનું નામ ઉષાબેન છે જે હાલ અમદાવાદ હોઇ તેઓ પણ ઘટનાની જાણ થતાં રાજકોટ આવવા નીકળી ગયા હતાં. ઉલ્લેખનીય છે કે આજે બુધવારે સવારે મુખ્યમંત્રી નિવાસસ્થાને લોક દરબાર દરમિયાન દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા પર હુમલો થયો હતો. તેને થપ્પડ મારનાર શખ્સ રાજેશ સાકરીયા રાજકોટ કોઠારીયા વિસ્તારમાં રહેતો હોવાની જાણ થતાં આજીડેમ પીઆઇ એ. બી. જાડેજા, પીએસઆઇ જે. જી. રાણા, ડી. સ્ટાફ ટીમ તેના ઘરે પહોંચી હતી અને પરિવારજનોની પૃછા કરી હતી. બનાવને પગલે મિડીયા કર્મચારીઓ પણ મોટી સંખ્યામાં રાજેશના ઘરે પહોંચી ગયા હતાં. આ બનાવે દિલ્હીની સાથે સાથે રાજકોટમાં પણ ભારે ચકચાર જગાવી દીધી છે. રાજેશ સામે દિલ્હી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.











રાજેશે ખરેખર CMને શા માટે થપ્પડ મારી તે અંગે ભારે ચર્ચા